मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૩ મું | અંક ૧૦ મો

દ્વિતીય શ્રાવણ

ઇ. સ. ૧૯૪૭ | ૨૧ ઓગસ્ટ

વીર સં. ૨૪૭૩ | વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

પુસ્તક ૬૩ મું અંક ૧૦ મો } દ્વિતીય શ્રાવણ { વીર સં. ૨૪૭૩ વિ. સં. ૨૦૦૩

## अनुक्रमणिका


૧. રાષ્ટ્રધ્વજ અને ધર્મચક્ર ... ... ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૩૩

૨. પર્યુષણા મહાપર્વ-આરાધન ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૩૫

૩. ભગવાન મહાવીરની નિષ્કામ કરુણા ... ( અમરચંદ માવજી શાહ ) ૨૩૬

૪. **स्वतंत्रता का संक्रान्तिकाल** ... ... ( રાજમલ ભંડારી ) ૨૩૭

૫. પર્યુષણા પર્વને સાર્થક કરવાની ચાવી ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) ૨૩૮

૬. સ્ત્રી-ઉચ્ચ શિક્ષણ ... ...( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૨૪૦

૭. પજુસણ પર્વ એ આત્મપર્વ છે ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૪૪

૮. જંગમતીર્થ-શ્રી મહાવીર ... ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૪૬

૯. વંદે વીરમ્ (પ્રાર્થના) ... ... ( મુનિરાજશ્રી કીર્તિવિજયજી ) ૨૪૯

૧૦. સાધકની સાધના-પર્વપુંગવ પર્યુષણા ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૫૦

૧૧. પર્યુષણા પર્વ કઇ રીતે ઉજવશો?... ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી ) ૨૫૫

૧૨. મંગલ ... ... ... ... ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) ૨૫૬

૧૩. સભા-સમાચાર ... ... ... ... ... ... ... ૨૫૭


### નવા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | મહેતા કાંતિલાલ રીખવચંદ | પાલનપુર | લાઇફ મેમ્બર |
| ૨. | શાહ ભાઇચંદ અમરચંદ વકીલ B. A. LL. B. | ભાવનગર | વાર્ષિકમાંથી ,, |

બહારગામના લાઈફ મેમ્બરો તથા વાર્ષિક સભાસદોને સૂચના

**શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીની કસાયેલી કલમથી લખાએલ**

### —: પ્રભાવિક પુરુષો—ભાગ બીજો. :—

ભેટ પુસ્તક તૈયાર થઇ ગયું છે. સં. ૨૦૦૩ તથા સં. ૨૦૦૪ ની સાલની સભાસદ-ફી વસુલ કરવા માટે આ પુસ્તક રવાના કરવામાં આવશે. બંને વર્ષની ફી રૂ. ૬-૮-૦ તથા પોસ્ટેજ ૦-૩-૦ મળી રૂ. ૬-૧૧-૦ મનીઓર્ડરથી મોકલી આપનાર સભાસદ બંધુઓને ઉપરનું ભેટ પુસ્તક બુક પોસ્ટથી રવાના કરવામાં આવશે. તા. ૨૦ મી સપ્ટેમ્બર સુધી જેમની ફી નહીં આવે તેમને ૬-૧૪-૦ નું વી. પી. કરવામાં આવશે

લાઇફ મેમ્બરોએ ફક્ત પોસ્ટેજના ત્રણ આના મોકલી આપવા; નહીં તો તેમને ૦-૬-૦ નું વી. પી. કરવામાં આવશે.

શ્રી જૈન ધર્મ પ્રકાશ

# રાષ્ટ્રધ્વજ

## અને

# ધર્મચક્ર

હરેક રાજ્યને પોતાનો રાષ્ટ્રધ્વજ હોય છે. હિંદનો પણ ત્રિરંગી રાષ્ટ્રધ્વજ છે. જૂના ધ્વજમાં રેંટીયાનું પ્રતીક હતું. તેને સ્થાને નવા રાષ્ટ્રધ્વજમાં ચક્ર મૂકવામાં આવ્યું છે. આ ચક્રની આકૃતિ સમ્રાટ્ અશોકની રાજધાની સારનાથના સિંહસ્તંભમાંથી લેવામાં આવી છે. અશોક સમસ્ત ભારતવર્ષનો ચક્રવર્તી હતો. તેનો સમય લગભગ ત્રેવીસેંહ વર્ષ ઉપરનો છે. અશોકે રાજ્ય લોહીલોહાણ લડાઇઓ કરી મેળવ્યું ન હતું પણ ધર્મ અને વિશ્વપ્રેમનો પાઠ બતાવી બીજા રાજ્યો અને પ્રજાઓને પોતાની આજ્ઞામાં આણ્યા હતા; માટે અશોકનું ચક્ર <u>ધર્મચક્ર</u> કહેવાય છે.

આ ધર્મચક્રની ભાવના જૂના વખતની છે. અશોક પહેલાં પણ ધર્મચક્રની માન્યતા હતી. ઋષભદેવ ભગવાનનું ચરિત્ર વાંચતા તેમાં ધર્મચક્ર અને રાજ્યચક્રની હકીકત નીકળે છે. ઋષભદેવ ભગવાન તીર્થંકર થયા એટલે તેમના પ્રયાણમાં ધર્મચક્ર અષ્ટમાંગલિક સાથે આગળ ચાલતું હતું, તેમ જ્યારે ભરત ચક્રવર્ત્તી થયા ત્યારે તેમનું રાજ્યચક્ર તેમની સવારીમાં સાથે રહેતું હતું. ભરત જેવા રાજ્ય ચક્ર-

વર્ત્તીઓ પણ ખૂનામરકી ચલાવી બીજાને વશ કરતા ન હતા, પણ પ્રેમ અને દાક્ષિણ્યતાથી પોતાની આજ્ઞામાં લાવતા હતા. એટલે તેમના યુદ્ધો પણ ધર્મયુદ્ધો કહેવાતા અને સમસ્ત દેશને પોતાના છત્ર નીચે લાવવાનો આ ચક્રવર્ત્તીઓનો ઉદ્દેશ સમાજમાં વ્યવસ્થા અને શાંતિ સ્થાપવાનો હતો.

તીર્થંકરોને ધર્મચક્રવર્તી કહેવામાં આવે છે. કારણ બધા મનુષ્યોને તેઓ ધર્મની આજ્ઞામાં આણે છે. ધર્મ-ચક્રમાં સામાન્ય રીતે જે ચોવીશ આરા હોય છે તે ઉત્સ-ર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકરો તીર્થં-કરપદને પામે છે તેના સૂચક છે. ધર્મરૂપી ચક્રને તીર્થંકર વર્તાવે છે અર્થાત્ ગતિમાન કરે છે. ધર્મની ગતિ–ભાવના મંદ પડી ગઇ હોય, અવ્યવસ્થિત થઇ ગઇ હોય તે ગતિને સુવ્યવસ્થિત કરે છે. જૈનોમાં માન્યતા છે તેવી વેદાદિ ધર્મોમાં ચોવીશ અવતારો યુગે યુગમાં, ધર્મમાં થયેલ ગ્લાનિનું પુનરુત્થાન કરવા જન્મ લે છે એવી માન્યતા છે.

ટૂંકામાં ધર્મચક્રની માન્યતા પુરાણી છે. અશોકના સમયમાં જ નવી ઉત્પન્ન થયેલ નથી. પ્રાચીન આર્ય-સંસ્કૃતિનું ધર્મચક્ર એક પ્રતીક છે. અને ધર્મચક્રને રાષ્ટ્ર-ધ્વજમાં સામેલ કરી આપણી પુરાણી ધર્મભાવના ઉપર રચાયેલ સંસ્કૃતિનું આપણને ભાન કરાવેલ છે; માટે ધર્મ-ચક્રયુક્ત આપણો રાષ્ટ્રધ્વજ જ્યાં જ્યાં ફરકતો હશે ત્યાં ત્યાં શાંતિ, સ્વતંત્રતા અને બંધુભાવ જીવંત રહેશે, એવી તે ધ્વજ આપણને ઉદ્ઘોષણા કરે છે.

શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી B. A. LL. B.

# પર્યુષણા મહાપર્વ–આરાધન.

રાગ–ઓધ્વજી સંદેશો કહેજો શ્યામને.

પર્યુષણ આરાધો ભવિયાં ભાવથી, જૈન ધર્મનો અપૂર્વ આ મહિમાય જો;
મહિમા જાણે માનવ ભવને મેળવી, ધન્ય ધન્ય તે નરનારી અવતાર જો. પર્યું૦ ૧
ગિરિરાજમાં મેરુગિરિની શ્રેષ્ઠતા, કાનનમાં નહિ નંદન વનની જોડ જો;
હસ્તીમાં ઐરાવણની શોભા ઘણી, પર્વોમાં શ્રી પર્યુષણા અજોડ જો. પર્યું૦ ૨
મહારિપુ જે આત્મગુણ દબાવંતા, ક્રોધ, માન, માયા ને વળી લોભ જો;
કષાય ત્યાગી સદ્‌ભાવોને પામવા, સર્વ સિદ્ધિરૂપ પર્યુષણ સંયોગ જો. પર્યું૦ ૩
પૂજન, અર્ચન, વંદન સૌ વિધિનાં ગણ્યાં, સારાસારના વિવેકથી જો થાય જો;
ભાવોલ્લાસ પ્રગટાવે વીતરાગતા, આત્મશુદ્ધિનાં કારણ આજ મનાય જો. પર્યું૦ ૪
સમભાવે " સામાયિક " વ્રતને આદરો, સાવદ્ય યોગનો કરી સર્વે ત્યાગ જો;
સાધુ પદની પ્રાપ્તિની આ બે ઘડી, જેનાં મૂલો આંક્યા ન અંકાય જો. પર્યું૦ ૫
" ષડાવશ્યક " સૂત્ર કૃતિ નિહાળીને, "પ્રતિક્રમણ" માં કરજો પશ્ચાત્તાપ જો;
" આલોચના " કરવી રે બારે વ્રતની, અનાચારથી લાગ્યાં જે જે પાપ જો. પર્યું૦ ૬
સંયમનાં પૂજારી સમકિતી દેવતા, નંદીશ્વરમાં ગાય જિનેશ્વર જન્મ જો;
" શ્રીકલ્પસૂત્ર " એ જન્મોને દર્શાવતું, પર્યુષણમાં સદ્‌ભાવે સંભળાય જો. પર્યું૦ ૭
શાસ્ત્રશ્રવણથી બુદ્ધિની શુદ્ધિ થતી, ત્રણ શલ્યનો તૂટે ત્યાં કદી બંધ જો;
એકવીશ વાર "કલ્પશ્રવણ" જો થયું, આવ્યો છે ત્યાં અશુભ કર્મનો અંત જો. પર્યું૦ ૮
"અહિંસા" નો વ્યાપકભાવ વિચારવો, સર્વ જીવોને સુખની સઘળી આશ જો;
"અમારીપ્રવર્તન" કરી બતાવતાં, સકળ જીવોમાં કોઇ ન અલ્પ નિરાશ જો. પર્યું૦ ૯
છઠ્ઠ "અઠ્ઠમ" કે અધિક તપ આરાધના, નાગકેતુના ભાવ સ્મરણથી થાય જો;
બારે ભેદો તપના ત્યાં આવી મળે, પરમાનંદ ને અષ્ટ સિદ્ધિ પમાય જો. પર્યું૦ ૧૦
વીતરાગી આજ્ઞાને જેઓ પાળતા, કરણી જેની સમ્યગ્ નિઃશલ્ય જો;
"સાધર્મિક" ગુણીજન તેને જાણીને, વિવેક સાથે કરો બહુ "વાત્સલ્ય" જો. પર્યું૦ ૧૧
**"धम्मो आणाए पडिबद्धो"** કહેવાય છે, "ઉપયોગ" ને " યત્ના"થી આદરાય જો;
પ્રતિલેખન પ્રમાર્જનની શુદ્ધિનો, ભેદ અહીં કદી નહિ ભૂલાય જો. પર્યું૦ ૧૨
આત્મતીર્થમાં સર્વ તીર્થ સમાય છે, શુદ્ધોપયોગે ગુણ આલંબન થાય જો;
"ચૈત્યપરિપાટી"નો નિશ્ચયે આ ભાવ છે, પર્યુષણમાં સ્વભાવે સમજાય જો. પર્યું૦ ૧૩
ભાવો ભવિજન આજે રૂડી ભાવના, પરસ્પરની " મૈત્રી " નાં બહુ મૂલ જો;
દાન, શીલ ને સત્યંથી જે શોભતા, દેવો તેના ગુણોમાં મશગૂલ જો. પર્યું૦ ૧૪
સર્વ જીવો પર રાખી સામ્યભાવને, " ક્ષમાપના "નાં દેજો પરમ દાન જો;
શુદ્ધ હૃદયથી મારીની કરો ઘોષણા, લક્ષ ચોરાશી યોનિમાં સંભળાય જો. પર્યું૦ ૧૫
ભાવી મંગળ પર્યુષણની ભાવના, "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માટે આજ જો;
ગુણગ્રાહી સજ્જનો ગુણને ગ્રહે, આ લેખકના મનના ઊંડા ભાવ જો. પર્યું૦ ૧૬

મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેમ્પ

# ભગવાન, મહાવીરની નિષ્કામ કરુણા

( રાગ–પ્રભાત, જાગને જાદવા. )

**વટેમાર્ગુઓ—**
ના જશો, ના જશો, એહ અટવી વિષે, ઝેરીલો નાગ ત્યાં ડંખ દે છે;
કોઈ માનવ કે પ્રાણીઓ જાય તો, વિષધારાથકી પ્રાણ લે છે. ના જશો. ટેક૦ ૧

**મહાવીર—**
મરણથી હું ડરું, એવો પામર નથી, જઇશ હું જઇશ હું તારવાને;
દુ:ખ કેવળ મને, અબૂઝ એ જીવનું, જઇશ હું ક્રોધ તસ વારવાને. ના જશો. ૨

**વટેમાર્ગુઓ—**
આપ શું જાણતાં, કોણ એ જીવ છે, જેહની દૃષ્ટિમાં વિષ વહેતું;
કેમ નહિં માનતાં, હઠ શું રાખતાં, હાથથી મોતમાં જાવું ગમતું. ના જશો. ૩

**મહાવીર—**
જાણું છું, જાણું છું, અબૂઝ એ જીવને, ક્રોધ કષાયથી એ બળે છે;
નાગનાં દેહથી, વિષ વરસાવતો, સેંકડો જીવહિંસા કરે છે. ના જશો. ૪

**વટેમાર્ગુઓ—**
નહિં જાઓ પ્રભુ, પ્રાણભય ત્યાં નડે, વિનવીએ આપને હાથ જોડી;
એહ કયાંથી બૂઝે ? એને કયાંથી સૂઝે ? વ્યર્થ તે ડંખશે આવી દોડી. ના જશો. ૫

**મહાવીર—**
ધીર વીર તે છતાં, એહ પંથે પળ્યાં, નાગના રાફડા પાસ આવી;
કાઉસગ્ગ ધ્યાનમાં, વીર તલ્લીન થયાં, અંતરે આત્માનું ધ્યાન ધ્યાવી. ના જશો. ૬

**ચંડકૌશિક—**
અહો ! અહો ! આજ, શિકાર મુજને મળ્યો, ફું ફું ફુંફારતો બ્હાર આવ્યો;
ફેણ વિકસાવતો, વિષને ફેંકતો, વીરનાં ચરણમાં ડંસ લગાવ્યો. ના જશો. ૭

**મહાવીર—**
શુદ્ધ કરુણાવડે, ધ્યાનને પારીને, બોધવા નાગને વીર વદતાં;
બૂઝ ! હવે બૂઝ ! ચંડકૌશિક હદ થઇ, શું થશે તુજ ગતિ પાપ કરતાં. ના જશો. ૮

**પૂર્વભવ—**
પૂર્વભવે મુનિપણે, ક્રોધ આવેશથી, આજ તારી ગતિ આ થઈ છે;
એજ મહાદોષથી, નાગનો ભવ લઇ, હિંસાના કર્મમાં વૃત્તિ વહી છે. ના જશો. ૯

**જાતિસ્મરણ—**
પૂર્વભવ સમરતાં, જાતિસ્મરણ થતાં, દોષ નિજ નિરખતો બોધ પામે;
ક્રોધને શાંત કરી, દૃષ્ટિવિષ બંધ કરી, પ્રાયશ્ચિત્ત અંતરે શુદ્ધ જામે. ના જશો. ૧૦

**અંતિમ સાધના—**
વીર વિચરી ગયાં, બુઝવી નાગને, ચંડકૌશિક અનશન કરતો;
શુભ ધ્યાને મરી, દેવગતિને વરી, વીર કરુણાવડે ' અમર ' બનતો. ના જશો. ૧૧

**અમરચંદ માવજી શાહ**

# स्वतंत्रता का संक्रान्तिकाल

जगत को चाह शान्ति की, मची जग में वह क्रान्ति है ।
मनावे हर्ष से हम आज, जो आई संक्रान्ति है ॥ १ ॥
करें स्वागत संक्रान्ति का, न उच्छृंखल उत्क्रान्ति का ।
स्वतंत्रता संगमें लाई, जो आई वह संक्रांति है ॥ २ ॥
जगत में उत्क्रांति व्यापी है, मिटावेंगे संक्रान्ति से ।
परस्पर संगठन कर लें, तभी सच्ची संक्रान्ति है ॥ ३ ॥
हुवे बलिदान लाखों ही, इस आजादी की वेदी पर ।
यही आजादी संग अपने, बड़ी जीम्मेवारी लाई है ॥ ४ ॥
बंगाली व पंजाबी की, परीक्षा हो गई जग में ।
रहे बाकी उन्हों की अब, परीक्षा होने आई है ॥ ५ ॥
बहन को डाल बन्धन में, हरे थे पुत्र पुत्री को ।
नराधम क्रूर कंस के, समय की याद आई है ॥ ६ ॥
उड़ाता था वो बच्चों को, सताता मात बहनों को ।
परिस्थिति थी ऐसी में, [1]घनश्यामनें सुरत दीखाई है ॥ ७ ॥
अधर्म होने लगा ज्यादा, महा इस देश भारत पर ।
मनोहर मुरली के स्वर से, करी थी उनने शान्ति है ॥ ८ ॥
नहीं स्वर को सहन कर के, बकासुर भेजा कंसने ।
हरा करके उन्होंने फिर, करी जगमें विश्रांति है ॥ ९ ॥
उसी क्रूर कंस के वंशज, हुवे पैदा अब भारत में ।
मिटाये उनने मुरली से, मगर अब हाथ तकली है ॥ १० ॥
कहाते थे वे मनमोहन, महात्मा ये दास [2]मोहन है ।
वे सुदर्शन चक्रधारी थे, ये चरखा के अवतारी है ॥ ११ ॥
वे महाभारत मचा करके, जगत में शान्ति लाये थे ।
ये भारत को जगाकर के, स्वतंत्र संक्रान्ति लाये है ॥ १२ ॥
जगत परिपूर्ण जग जाये, यही संदेश बापु का ।
अधमता नष्ट कर देवें, तभी सच्ची संक्रान्ति है ॥ १३ ॥
संक्रान्ति का करें स्वागत, हो हर घर में संक्रान्ति ही ।
स्वतंत्र यह विश्व बन जाये, तभी सच्ची संक्रान्ति है ॥ १४ ॥
इसी के साथ ही अपना, करेंगे प्राप्त प्रिय स्वराज ।
यही है राज आतम का, इसीमें पूर्ण [3]शान्ति हैं ॥ १५ ॥

राजमल भंडारी–आगर ( मालवा )

(१) श्रीकृष्ण (२) महात्मा गांधीं (३) आत्मा का राज्य वह मोक्ष.

# પર્યુષણા પર્વને સાર્થક કરવાની ચાવી

મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ.

એ એક આત્મન્ હતો. તેનું જીવન વ્યસનોથી ઘેરાયેલું હતું. તેનું મન કષાયોથી ક્રૂર હતું. વાતવાતમાં તે ઉત્તેજિત થઈ જતો. તેની વાસનાઓનો પાર ન હતો. એક એક વાસનાને તૃપ્ત કરવા એ પારાવાર પ્રયત્નો કરતો. વાસના પાછળ કેટલો સમય વીતે છે તેની તેને ગણત્રી જ ન હતી.

સારો સમય તેના હાથમાંથી ચાલ્યો ગયો. પાછલા સમયે તેના શરીરને શિથિલ બનાવ્યું. શિથિલ શરીર વ્યસનો, કષાયો, વાસનાઓ અને તેને માટેના પ્રયત્નો એ સર્વના ભાર–આઘાત સહન કરવા તૈયાર ન હતું. ઘર કરી ગયેલા તે સર્વ દૂર થતા ન હતાં ને શરીર નભાવી લેવા કબૂલ કરતું નહિં. એક બાજુ નદી ને બીજી બાજુ વાઘ! હવે કયાં જવું? શું કરવું? એ મૂંઝવણમાં એ ગૂંચવાઇ ગયો હતો.

× × ×

એ એક આત્મન્ હતો. તેના સામર્થ્ય માટે લોકોને બહુમાન હતું, તેની શક્તિનો વિકાસ સુન્દર થયો હતો, પણ શક્તિનો ઉપયોગ તે કેવળ પોતાના માટે જ કરતો. તેનું 'અહંત્વ' તેની હરકોઇ પ્રવૃત્તિમાં તરી આવતું. તે 'અહંત્વ' થી તેણે પોતાનું પુષ્કળ ગુમાવ્યું હતું. 'અહંત્વે' તેના હૃદયનો કબજો એટલો બધો મેળવ્યો હતો કે ભયંકર પરિણામો અનુભવ્યા છતાં તે છૂટતું નહિં. તેનું જીવન 'અહંત્વ' ને અધીન બની ગયું હતું.

× × ×

એ એક આત્મન્ હતો. તેને લોકો ગુણવાન માનતા હતા. તેના ગુણની પ્રશંસા સ્થળે સ્થળે થતી હતી. તે ચાલતો તો ધીરે ધીરે નીચે નજર રાખીને કોઇપણ નાના જન્તુને ય ઇજા ન થાય એ રીતે. તે બોલતો સંયમપૂર્વક માપીમાપીને. તેના વ્યવહારમાં કાંઇ પણ ભૂલ નજરે ન પડે. પણ એ સર્વ પડદા પર હતું. પડદા પાછળનું તેનું વર્તન વિચિત્ર હતું. પડદા પાછળ તે પિશાચ-લીલા રમતો હતો.

× × ×

એ એક આત્મન્ હતો. તેને લક્ષ્મીદેવીએ પોતાની મોહનીમાં ફસાવ્યો હતો. તેની પાછળ ગાંડા બનેલા તેને બીજું કાંઇપણ સૂઝતું નહિ. ધન ધન ને ધન એ એક જ તેની પાસે વાત હતી. તેને માટે ન કરવાનું તે કરતો. ધન મેળવવાની તેની પ્રવૃત્તિ અને રીત માટે લોકો તેની પાછળ ઘણી જ વાંકી વાતો કરતા. તેના નિર્ઘૃણ પરિણામ માટે ખૂદ તેના સેવકો પણ તેને નિન્દતા. તે ધનનો દાસ ધનિક હતો.

× × ×

એ એક આત્મન્ હતો. તેની પ્રવૃત્તિ મર્યાદિત હતી. તેના જીવનમાં તે એક સ્થળે જ અટકી ગયો હતો. તેની સર્વ પ્રવૃત્તિઓ એકધારી હતી. દિવસ ઊગે ને આથમે ત્યાંસુધીના સર્વ કાર્યો તે ચાલુ ટેવ પ્રમાણે કર્યા કરતો. તેમાં ને તેમાં રુંધાઇ ગયો હતો. આગળ વધવાની તેને ભાવના જ થતી ન હતી. તેનું હૃદય પણ જડ ને કઠિન હતું. તેમાં ઊર્મિને સ્થાન જ ન હતું. લોકો તેને વ્યવહારુ કહેતા હતા.

× × ×

આ અને આવા અનેક આત્મનો વિશ્વમાં જોવામાં આવે છે. ઘણાખરાના જીવન ઉપરના પાંચ સાથે બહુ અંશે મળતા આવે છે. એ જીવન સુધારવાની તેમાંથી કેટલાકને તમન્ના હોય છે ને કેટલાકને તમન્ના **નથી** હોતી. જેમને તમન્ના હોય છે તેમાંથી અમુકને જ સુધારણાને યોગ્ય સાધનો મળે છે. અમુકને સાધનો જ મળતા નથી. સાધનો મળ્યા પછી તેનો ઉપયોગ કરવામાં આળસ કરી ઘણાખરાના સમય બરબાદ થાય છે. એટલે ઉજ્જવળ જીવનપન્થમાં આગળ વધનાર વિરલ જ નીકળે છે. એટલે જો આપણે વિશ્વનું નિરીક્ષણ કરીએ તો તેમાં મોટો ભાગ એક સરખી સ્થિતિમાં હશે અથવા અમુક વધારે ખરાબ સ્થિતિમાં ગએલા જોવામાં આવશે.

× × ×

પરમ પાવનકારી પર્યુષણા પર્વના પવિત્ર દિવસોમાં પોતામાં ઘર કરી ગયેલા દુર્ગુણોથી જો ઉદ્વિગ્ન થયા હો તો તેને દૂર કરવાના સાધનો મેળવી સેવવા તત્પર બનો.

**वस्** ધાતુનો અર્થ વસવું એવો થાય છે. **परि**-એ ઉપસર્ગ છે. તેનો અર્થ ચારે તરફથી-સર્વથા એવો થાય છે. **परि-वसन**=પર્યુષણા એટલે=નિયત અમુક સમય માટે ચોક્કસ-સ્થિર વાસ કરવો. ભાદ્રપદ શુકલ પંચમી-ચતુર્થીને દિવસે મુનિઓ નિયત સ્થિર થઇ જાય માટે તે દિવસને **પર્યુષણા** કહેવામાં આવે એ રીતે યૌગિક બનેલું નામ આઠ દિવસના પર્વમાં રૂઢ થયેલું છે.

રૂઢ થયેલા તે નામને યૌગિક કરીને જો આ આઠ દિવસોમાં આત્માને અમુક ગુણપ્રદેશમાં લઇ જઈને સ્થિર કરવામાં આવે તો પર્વની સાર્થકતા કરી કહેવાય.

આ પર્વદિવસોમાં પ્રથમ ત્રણ દિવસ સુધી પર્વની મહત્તા, કષાયત્યાગ, અવશ્ય કરણીય ક્રિયાઓ, સાધર્મિક ભક્તિ, તપશ્ચર્યા, ક્ષમાપના, કાયોત્સર્ગ, ચૈત્યપરિપાટિ, કલ્પસૂત્રશ્રવણની આવશ્યકતા વગેરે વિષયો વિશદ રીતે સમજાવવામાં આવે છે. તેમાંથી એક પણ યથાર્થપણે જચી જાય તો બેડો પાર થઇ જાય.

અન્તિમ પાંચ દિવસોમાં વિસ્તારથી શ્રી વીરચરિત્ર, સંક્ષેપમાં શ્રી પાર્શ્વચરિત્ર, શ્રી નેમિચરિત્ર આંતરા. શ્રી ઋષભચરિત્ર, સ્થવિરાવલિ અને સામાચારી સમજાવવામાં આવે છે. તેનું શ્રવણ માત્ર પણ એકાન્ત હિતકારી છે. આચરણ હિતકર હોય તેમાં કહેવું જ શું?

પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વને એવી રીતે આરાધો કે ફરી તમને કોઇપણ દુર્ગુણ સતાવે નહિ. એ જ માનવ જન્મ સાર્થકતા છે.

# સ્ત્રી–ઉચ્ચ શિક્ષણ.

**શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી. B. A. LL. B.**

બેન ધૈર્યબાળા છગનલાલ પારેખ ઉચ્ચ અર્થશાસ્ત્ર Advanced Economics ના વિષયમાં એમ. એ. ની મુંબઇ યુનિવર્સીટીની છેલ્લી પરીક્ષામાં તે વિષયના સૌ વિદ્યાર્થીઓમાં પહેલા સેકંડ કલાસમાં આવવાથી તેમને અભિનંદન આપવાના બે મેળાવડા એક ભાવનગર શ્રી સંઘના આગેવાન ગૃહસ્થો તરફથી સ્ત્રીઓનો અને બીજો શ્રી જૈન આત્માનંદ સભા તરફથી યોજવામાં આવ્યા હતા. શ્રી સંઘના મેળાવડામાં તેમને રૂપાનું કાસ્કેટ અને છાપેલ માનપત્ર આપવામાં આવ્યા હતા.

સ્ત્રી ઉચ્ચ કેળવણીને અંગે ચાર પ્રશ્નો વિચારવાના ઊભા થાય છે—

( ૧ ) સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા છે ?

( ૨ ) સ્ત્રીઓનું શરીર અને મનનું બંધારણ ઉચ્ચ શિક્ષણ માટે લાયક નથી ?

( ૩ ) જૈન ધર્મમાં ઉચ્ચ શિક્ષણ માટે સ્ત્રીઓનું સ્થાન કેવું છે ?

( ૪ ) જો આપણા સમાજમાં સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણની જરૂર છે તો તે માટે કેવાં પગલાં લેવા જોઇએ ?

( ૧ ) કન્યાઓને સામાન્ય કેળવણી–પ્રાથમિક અથવા માધ્યમિક કેળવણી આપવા સંબંધે તો આ કાળમાં વિશેષે કહેવાનું રહેતું નથી. જયાં જયાં ભણવાના સાધનો હોય છે ત્યાં કન્યાઓને ઉચ્ચવર્ણના માબાપો અને ખાસ કરીને જૈનો તો ઘણી ખુશીથી મોકલે છે. સામાન્ય કેળવણી વાંચવા લખવા જેવી પણ કન્યાને ન મળે તો દુર્ભાગ્ય ગણાય છે. અહીં સવાલ ઉચ્ચ કેળવણીનો એટલે કોલેજ અને યુનિવર્સીટીના શિક્ષણનો છે. દરેક કન્યા કે સ્ત્રીએ આવી ઉચ્ચ કેળવણી લેવી જોઇએ એવું કહેવાનો આશય નથી, કારણ દરેકમાં તેવી બુદ્ધિ હોતી નથી, તેવા સાધનો હોતા નથી કે બધી અનુકૂલતા હોતી નથી. જેમ દરેક છોકરાને ઉચ્ચ કેળવણી આપવાનું શકય નથી તેમ કન્યાઓ માટે પણ સમજવાનું છે, છતાં અત્યારના પલટાતાં સંજોગોમાં સમાજમાં એવો તો એક વર્ગ અવશ્ય હોવો જોઇએ, જે પોતાના ઉચ્ચ શિક્ષણથી સમાજને માર્ગદર્શક બને, સમાજનો નેતા થઈ શકે, ભૂત ભવિષ્ય અને વર્તમાનની સ્થિતિ જોઇ, સમાજના ઉત્કર્ષનો માર્ગ વિચારી બતાવી શકે. જે રાષ્ટ્રમાં કે સમાજમાં આવા નેતાઓ ન હોય તે રાષ્ટ્ર કે સમાજ લાંબો વખત સ્થિર રહી પ્રગતિ ન કરી શકે. આવા નેતા થવા માટે પુરુષો અને સ્ત્રીઓ બંનેની જરૂર છે. સ્ત્રીઓમાં કુદરતે કેટલાએક એવા ગુણો મૂકયા છે જે પુરુષોમાં ઓછા પ્રમાણમાં છે. સ્ત્રીમાં સહનશીલતા છે, મૃદુતા છે, લાલિત્ય છે, આકર્ષણ કરવાની અને સમજાવવાની શક્તિ છે. એવી સહનશક્તિથી જ શ્રીમતી

વિજયાલક્ષ્મી પંડિત જેવાએ દક્ષિણ આફ્રિકાના સરસેનાપતિ જનરલ સ્મટ્સ જેવા મહારથીને સંયુક્ત રાષ્ટ્ર સમિતિની સભામાં મહાત કરેલ છે. આપણા જૈન દર્શનમાં પણ બાહુબલિને મિષ્ટ માર્મિક વચનથી સુંદરી તથા બ્રાહ્મી બંને બહેનોએ બોધ કર્યાનો દાખલો પ્રચલિત છે. ટૂંકમાં દરેક સ્ત્રીએ ઉચ્ચ શિક્ષણ લેવું જોઇએ એવો કોઇ નિયમ ન હોઇ શકે, પણ ધર્મ, સમાજ અને રાજવ્યવસ્થાને સ્થિર બનાવવા બુદ્ધિશાલી સ્ત્રીઓના એવા એક વર્ગની જરૂર છે, જેમને બની શકે તેટલું ઉચ્ચ શિક્ષણ જૂદા જૂદા ક્ષેત્રોનું મળવું જોઇએ. ઉચ્ચ શિક્ષણ લીધેલ સ્ત્રીઓનો આવો વર્ગ ફક્ત રાજકીય ક્ષેત્રમાં કામ કરવાને જરૂરનો છે એવું નથી, તેને માટે કેળવણીના, સમાજના, ધર્મના અનેક ક્ષેત્રો છે, એટલું જ નહિ પણ કુટુંબ અને જ્ઞાતિવર્ગમાં તેઓ ઘણા ઉપયોગી છે. કુટુંબમાં, સમાજમાં અને ધર્મમાં આવો કેળવાયેલ વર્ગ ઉચ્ચ સંસ્કાર પાડી શકે છે. આપણા જ સમાજમાં સ્ત્રીપુરુષોના શિક્ષણ અને સંસ્કારમાં ઘણી અસમાનતા હોવાથી કૌટુંબિક જીવનમાં જે વિસંવાદ જોવામાં આવે છે, તે સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણથી ઓછો થવા સંભવ છે. સ્ત્રી ફક્ત સમાજની શોભા ન હોવી જોઇએ, સમાજની શક્તિ હોવી જોઇએ. પ્રાથમિક શિક્ષણથી તો ફક્ત વાંચવા લખવા જેટલું ભાષાનું જ્ઞાન મળે છે. ઉચ્ચ શિક્ષણથી માણસને કર્તવ્યાકર્તવ્ય અને સારાસારનો વિવેક આવે છે, સમાજમાં પોતાનું કયાં સ્થાન છે, તે સ્થાન કેવી રીતે ઉન્નત થઇ શકે, સમાજને પોતાનું જીવન કેમ ઉપયોગી થઇ શકે, આવી વિચારશક્તિ જાગ્રત થાય છે. ઉચ્ચ શિક્ષણ લેવામાં આપણાથી વધારે કેળવાયેલ અને સંસ્કારી બહેનોનો સહજ સહવાસ મળે છે, દેશ પરદેશ જવા આવવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે, વધારે કેળવાયેલ અમેરિકા, યૂરોપ આદિ દેશોમાં સ્ત્રીઓ કેવા ઉપયોગી કામો કરી શકે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, અને તે અનુભવ આપણા સમાજને મળી શકે છે. એટલું જ નહિ પણ આવા સુધરેલા કહેવાતા દેશોની સ્ત્રીઓના જીવનમાં કયાં કયાં ત્રુટીઓ છે, આચારવિચારમાં કયાં કયાં વિપરીતતા છે, તેમનું જીવન કેટલું અનુકરણ કરવા જેવું છે અને કેટલું ત્યાગ કરવાનું છે, તેનું પણ ભાન થાય છે. ઉપર જણાવેલ અનેક કારણોથી સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા સાબિત થાય છે.

(૨) ઘણી વાર એવી દલીલ કરવામાં આવે છે કે, કુદરતે સ્ત્રી અને પુરુષના શરીર અને મનના બંધારણમાં તફાવત રાખ્યો છે એટલે સ્ત્રી અને પુરુષના કાર્યક્ષેત્ર ભિન્ન ભિન્ન હોવા જોઇએ. પ્રજોત્પત્તિ અને પ્રજાનો ઉછેર સ્ત્રીના કાર્યક્ષેત્રનો વિષય છે, સમાજનું સંરક્ષણ અને પોષણ એ પુરુષનો વિષય છે. આ દલીલમાં એકાંત તથ્ય નથી. સંસારનું ચક્ર ચાલતું રાખવા કુદરતે સ્ત્રી પુરુષના અમુક અવયવો જૂદા જૂદા પ્રકારના બનાવ્યા છે, પણ તેટલા પરથી બંનેની શક્તિમાં ન્યૂનાધિક્ય રાખ્યું છે એવું જોવામાં આવતું નથી. હાલના વિજ્ઞાનશાસ્ત્ર, જીવનશાસ્ત્ર, શરીરબંધારણશાસ્ત્ર કે માનસશાસ્ત્રના અવલોકનમાં બંને

વર્ગની શક્તિમાં મહત્વનો ભેદ જોવામાં આવ્યો નથી. મગજના બંધારણનું પૃથક્કરણ કરતાં સ્ત્રીના મગજ કરતાં પુરુષના મગજમાં અમુક વધારે જ્ઞાનશકિત છે એવું જણાયું નથી. બુદ્ધિના કેટલાએક ક્ષેત્રોમાં સ્ત્રીઓએ પુરુષો જેટલું અથવા વધારે સામર્થ્ય બતાવ્યાના દષ્ટાંતો આપણને મળી આવે છે. વળી જે અનુકૂળતા પુરુષોને પોતાની બુદ્ધિના વિકાસ માટે મળી છે, તેવી અનુકૂળતા સ્ત્રીઓને ભૂતકાળમાં મળી નથી. શાંતિના સમયમાં જ્ઞાન વધે છે, અશાંતિના સમયમાં સામર્થ્યને અવકાશ મળે છે. આપણો ઐતિહાસિક ભૂતકાળ ઘણોખરો અશાંતિમાં જ ગયો છે એટલે અનુકૂળ સંજોગોને અભાવે સ્ત્રીમાં માનસિક જ્ઞાનશકિત ઓછી વિકાસ પામી હોય તેટલા પરથી સ્ત્રીમાં જ્ઞાનશક્તિ ઓછી છે તે કથન બરાબર નથી. બીજું સ્ત્રીનું શિક્ષણ પુરુષનાં શિક્ષણ જેવું જ હોવું જોઈએ એવું કહેવાનો અવકાશ નથી. જેમ દેશકાળના ફેરફાર પ્રમાણે શિક્ષણ વિષયમાં ભેદ થઈ શકે છે, તેમ શરીરબંધારણની ભિન્નતાને અનુલક્ષીને સ્ત્રીપુરુષના શિક્ષણમાં ફેરફાર થઇ શકે છે પણ તેટલા ઉપરથી સ્ત્રી ઉચ્ચ શિક્ષણની અધિકારી નથી એ કહેવું બરાબર નથી. વળી પ્રજોત્પત્તિ અને પ્રજાનો ઉછેર જે સ્ત્રીઓના ખાસ વિષયો ગણવામાં આવે છે, તેમાં પણ સારા શિક્ષણની જરૂર છે. ઇંગ્લાંડ, અમેરિકા જેવા દેશની પ્રજામાં જે તંદુરસ્તી અને બુદ્ધિ જોવામાં આવે છે, તેનો ઘણો જ ઓછો ભાગ હિંદ જેવી અજ્ઞાન પ્રજામાં જોવામાં આવે છે. ટૂંકામાં શરીર કે મનના બંધારણના કારણથી સ્ત્રીઓ પુરુષો કરતાં ઓછે અંશે ઉચ્ચ શિક્ષણના અધિકારી છે એ દલીલ માન્ય રાખવા જેવી નથી. જૈન દર્શન, જેમાં સ્ત્રીઓને પણ કેવલજ્ઞાન જેવા વિશિષ્ટ જ્ઞાનના અધિકારી બતાવ્યા છે, તે ધર્મમાં તો આવી દલીલોને લેશ પણ સ્થાન નથી.

(૩) ઉપર બતાવ્યું તે પ્રમાણે જૈન ધર્મમાં તો સ્ત્રીને વિશિષ્ટ સ્થાન આપવામાં આવેલ છે. બ્રાહ્મણ ધર્મમાં બ્રાહ્મણોને જ અને તેમાં પણ પુરુષને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું હતું. બીજા વર્ણના માણસો કે સ્ત્રીઓને ધર્મના અધિકારી ગણવામાં આવતા ન હતા. ઉચ્ચ નીચના ભેદો એટલે દરજ્જે તે સમયમાં પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા કે બીજા વર્ગને તો તે એક ગુલામી જણાતી હતી. તે ઉચ્ચ નીચના ભેદો સામે જૈન ધર્મે અને બૌદ્ધ ધર્મે મોટી જેહાદ જગાવી હતી. ગમે તે વર્ણની કે ગમે તે જાતિની વ્યકિત ધર્મની અધિકારી છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું અને તે પ્રમાણે સંઘની વ્યવસ્થા કરવામાં આવી હતી. જૈનમાં સ્ત્રીઓને ધર્મ પામવાને જે વિશિષ્ટ અધિકારો છે, તેવા જ વિશિષ્ટ અધિકારો સમાજમાં કાયદાની રૂઇએ આપવામાં આવ્યા હતા. પાછળથી બીજા સંપ્રદાયોના સહવાસથી અથવા અનુકરણથી અને મુસલમાનોના આક્રમણથી જૈનોમાં પણ સ્ત્રીઓના વિશિષ્ટ અધિકારો પ્રત્યે ઉપેક્ષા થયેલ છે. કેટલેક અંશે તે નકારવામાં પણ આવ્યા છે. તેટલી જૈન ધર્મની વિકૃતિ છે, મૂળ સ્વરૂપ નથી. દેશ–કાળ

બદલાતાં જૈન ધર્મે તેનું મૂળ સ્વરૂપ ગ્રહણ કરવાનું રહે છે અને સ્ત્રીઓને ધર્મમાં સ્થાપેલા તેના મૂળ સ્થાને મૂકવાની રહે છે.

(૪) સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા બતાવ્યા પછી આપણા સમાજે સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણ માટે કેવી વ્યવસ્થા કરવી તે જોવાનું રહે છે.

સ્ત્રી કે પુરુષ ઉચ્ચ શિક્ષણ લઇ શકે અને ભવિષ્યમાં તે શિક્ષણનો લાભ પોતે કે સમાજને આપી શકે તે માટે તંદુરસ્ત શરીરની જરૂર છે. ઉચ્ચ શિક્ષણ લેનાર સ્ત્રીઓના ઘણાખરાના શરીરો તકલાદી જોવામાં આવે છે. જૈન સમાજમાં તો આ સ્થિતિ વિશેષત: જોવામાં આવે છે માટે શરીરને નાનપણથી પૂરતું પોષણ અને વ્યાયામ મળી શકે તેવો પ્રબંધ હોવો જોઇએ. કન્યાઓની વખતોવખત વૈદકીય તપાસ કરાવવી જોઇએ. બીજું, જૈનોની વસ્તીવાળા મોટા શહેરો મુંબઈ, અમદાવાદ, ભાવનગર, સુરત જેવામાં કન્યાઓના અભ્યાસ માટે પ્રાથમિક શાળાઓ ઉપરાંત હાઈસ્કૂલો પણ છે. મોટા શહેરોમાં ઉચ્ચ શિક્ષણ માટે કોલેજો પણ છે. મુંબઈ, અમદાવાદ કે બનારસ જેવા ઉચ્ચ શિક્ષણના કેંદ્રોમાં જૈન કન્યા છાત્રાલયો હોવા જોઇએ. તેમાં જૈન ધર્મના આચારવિચાર સાથે કન્યાઓ અભ્યાસ માટે રહી શકે અને અભ્યાસ તથા રહેવાને અંગે જે કાંઇ ખર્ચ થાય તે છાત્રાલયો તરફથી મળે તેવી ગોઠવણ કરવી જોઇએ. જૈનોમાં ઘણા ધનાઢ્યો છે, ઉચ્ચ શિક્ષણના પ્રેમી પણ છે. તેઓને આવા કાર્ય માટે સતત પ્રેરણા કરવાની રહે છે. મુંબઇમાં કન્યા છાત્રાલય માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોએ જે યોજના કરેલ છે તે સ્તુત્ય છે. ઉચ્ચ શિક્ષણ લેતી કન્યાઓને માટે અમદાવાદ, બનારસ જેવા શહેરોમાં છાત્રાલયોની જરૂર છે. જૈન યુનિવર્સીટી સ્થાપવાનો સવાલ વધારે વિચારણા માગે છે, મોટા ખર્ચનો સવાલ છે એટલું જ નહિ પણ એવી એકદેશીય સંસ્થામાં અભ્યાસ કરવાથી જીવનદૃષ્ટિ સંકુચિત ન બની જાય, આપણાથી વિશેષ શકિત અને બુદ્ધિવાળા વિદ્યાર્થીઓનો સહવાસ ઓછો ન થઇ જાય, વિગેરે પ્રકારના ભયો પણ રહેલા છે. સમૃદ્ધ જૈન છાત્રાલયો વિદ્યાના ધામોમાં હોય, તેની સંપૂર્ણ વ્યવસ્થા હોય, આપણા ઘરમાં સંભાળ રાખી શકાય તેથી પણ વધારે સંભાળ વિદ્યાર્થીઓની લેવામાં આવતી હોય, ખાસ કરીને કન્યા છાત્રાલયમાં પુખ્ત ઉમરની સ્ત્રીઓની દેખરેખ હોય તો આવા છાત્રાલયો ઉચ્ચ શિક્ષણ માટેની બધી જરૂરીઆતો જૈન સમાજને પૂરી પાડી શકે છે, એટલે જૈન યુનિવર્સીટી કે જૈન કોલેજો કરવાના મનોરથો કરતાં પહેલાં આવા જૈન છાત્રાલયો ઊભા કરવાની વધારે જરૂર અમને જણાય છે.

ટૂંકામાં કુટુંબ, સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા માટે, યોગ્યતા ધરાવતી અમુક સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપવાની અને તે માટે પૂરતી ગોઠવણ કરવાની પૂરેપૂરી જરૂર છે.

# પજુસણપર્વ એ આત્મપર્વ છે

( લેખક–શ્રી. બાલચંદ હીરાચંદ–માલેગામ. )

માનવ એ જ્ઞાનપ્રધાન આત્માનો વિકાસ છે. એમ તો દરેક જીવ માત્ર શરીર સાથે નિગડિત છે જ, પરંતુ માનવ કાંઇક આત્માને ઓળખતો થયો છે તેથી જ તેની મહત્તા કેટલેક અંશે બીજા બધા જીવો કરતાં વધુ છે અને શરીરથી પર એવા આત્માને તે પોતાના જ્ઞાનથી અંશતઃ જાણી શકે છે. બધા ધર્મોનો ઉદ્દેશ પણ જ્ઞાનનો વિકાસ કરી આત્માને ઓળખતા શીખવવું એટલો જ છે. જેમ જેમ જીવ આત્માને વધુ ને વધુ ઓળખતો થાય છે તેમ તેમ તેની કાર્યક્ષમતા વધતી જાય છે. અને તેની યોગ્યતા પણ વધતી જાય છે. શરીર માટે દરેક માનવ અનેક સંકટો ભોગવે છે. નહી કરવા જેવા કૃત્યો કેવળ શરીરને સુખકર થશે એવી ભ્રાંતિથી કરે છે. શરીર સાથે નિગડિત થએલી ઇંદ્રિયો અને તેના જુદા જુદા વિકારોને પોષવા માનવ રાતદિવસ પ્રયત્ન કર્યા કરે છે પણ તેમની તૃપ્તિ તો થતી નથી જ. ઊલટા તે તે વિકારો વધતા જ જાય છે અને આત્માની ઓળખાણથી માનવ દૂર ને દૂર ધકેલાય છે. આત્માનું સાનિધ્ય વધારે પ્રમાણમાં સધાય તે માટે દરેક ધર્મના નેતાઓએ અનેક પ્રકારના વ્રતો, અનુષ્ઠાનો અને પર્વો નિર્માણ કરેલા છે. તેમાં જૈનાચાર્યોએ જે માર્ગ બતાવેલા છે તે આત્મવિકાસના કાર્યમાં વધુ કાર્યક્ષમ નિવડે તેવા છે એમાં જરાએ શંકા નથી. જૈન ધર્મે જેટલા વ્રતો, અનુષ્ઠાનો કે પર્વો નિર્માણ કરેલા છે તે બધાઓમાં આત્માની ઓળખાણ સુલભમાં સુલભ રીતે થાય તેવી યોજના જોવામાં આવે છે. દરેક એવા અનુષ્ઠાનમાં ઇંદ્રિયનિરોધ અને આત્મવિકાસની પૂર્ણતા પામેલા પરમાત્માનું ધ્યાન એને મુખ્યતા આપવામાં આવેલી છે.

ઇંદ્રિયોની સેવા અને તેની તૃપ્તિ માટે અનેકવિધ ખટપટો, એનું વ્યર્થપણું સિદ્ધ કરવા માટે જ તપ, જપ, ધ્યાન વિગેરે કરવાની યોજના કરવામાં આવેલી છે. દિવસના ચોવીસે કલાક અને પરંપરાથી વર્ષના ૩૬૫ દિવસો શરીરની સેવામાં ઇંદ્રિયોને ઉત્તેજન આપતા થાકી થએલા આત્માને પોતાનો માર્ગ કયો છે તે જણાવવા માટે જ શાસ્ત્રકારોએ પજુસણ પર્વ જેવા આત્મપર્વોની યોજના કરેલી જણાય છે. જેમ કોઇ પ્રવાસી વિકટ માર્ગ અને અટવીમાં ભૂલો પડેલો હોય. ભૂખ અને તરસથી પીડાતો હોય તેવાને અકસ્માત સુંદર નિર્ઝરનું પાણી જોવામાં આવે અને સાથે સાથે પાકેલા મધુર ફળો ભરેલો ટોપલો નજરે પડે ત્યારે તેના જીવને જેમ શાંતિ મળે અને થોડા વખત માટે વિસામો મળી જાય તેમજ સાચો માર્ગ જોવા વિચારવા માટે અવસર મળી જાય એવો જ ઉપયોગ પજુસણ પર્વનો છે, એમાં શંકા નથી.

વર્ષાઋતુનો સમય, વ્યાપાર અને અનેક આરંભથી નિવૃત્ત થઇ ગએલો સમય શરીરને તપ આદિથી વધારે કાર્યક્ષમ કરવાનો અવસર આવા સમયે માનવ અને તેમાં પણ જૈન ધર્મ પામેલ મનુષ્ય એક જ અઠવાડીયું આત્માના વિકાસ માટે અને આત્માની વધુ

અને વધુ ઓળખાણુ કરી લેવા માટે મળે તો તેમાં વધારે પડતું નથી જ પણ ઊલટું અસંત ઓછામાં ઓછું છે, એમાં શંકા નથી. એકાવન અઠવાડીયા યથેચ્છ ઇંદ્રિયો પોષી હોય એવા મનુષ્યને માટે પણ એક અઠવાડીયાની નિવૃત્તિ કાંઇ વિશેષ ન કહેવાય. ખૂબ જમ્યા પછી જેમ તે ભોજન પચાવવા માટે અમુક ટાઇમ તો આપવો જ પડે તેમ વાસનાઓનું ઝેર ઉતારવા માટે આવી નિવૃત્તિની જરૂર નથી રહેતી શું ? કેવળ શરીર પોતાને તાબે રહે અને ધારેલું કામ કરવા માટે તૈયાર થાય તેવા ક્ષુદ્ર વિચારથી પણ તપ, જપ અને સંયમ પાળવામાં આવે તો પણ તે ગુણકારી જ થઈ શકે તેમ છે.

હું કોણ છું ? મારા વિકાસની કયાંથી શરૂઆત થઇ ? મેં કેટલો પંથ કાપ્યો અને કેટલો પ્રવાસ હજુ બાકી છે ? એ વસ્તુનો વિચાર કરી આગળનાં પ્રવાસની વધુ લાયક તૈયારી કરવા વિચાર કરવા માટેજ આ પર્વની યોજના કરવામાં આવેલી છે. તપ કરવામાં શરીર ઉપર કાબૂ મેળવી અંતરંગ સ્વચ્છતા સાધવાનો મૂળ હેતુ છે. તેમજ આપણા નિકટ હિતસ્વી ભગવાન તીર્થંકરોએ પોતાનો વિકાસ કેવી રીતે સાધ્યો તેનું ચિત્ર નજર સામે ખડું કરી યથાશક્તિ તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા માટે જ કલ્પસૂત્ર જેવું રસાળ, મનોહર અને આત્મવિકાસને પોષક એવું સૂત્ર સાંભળવું જોઈએ જેથી આપણા માર્ગમાંથી આપણે કંટકો દૂર કરી શકીએ, અને એ પર્વની પૂર્ણાહુતી એટલે જેમ શરીરમાંથી મેલ દૂર કરવાનો તેમ અંતરંગ મેલ દૂર કરી આખી જીવસૃષ્ટિને પ્રેમ અર્પણ કરી તેમની ક્ષમાયાચના કરવી જોઇએ. એમાં કેટલું રહસ્ય સમાએલું છે તે સમજવા માટે કાંઇ વિશાલ બુદ્ધિની જરૂર નથી. સામાન્ય માણસ પણ સમજી શકે છે કે, પ્રેમથી જગ જીતી શકાય છે. આપણે બીજાનાં જે અપરાધો અજાણે કર્યાં હોય અને તેનું આપણે ભાન પણ ન હોય તે માટે ક્ષમા યાચના કરવી એ તો આપણો ધર્મ થયો પણ જે અપરાધો આપણે જાણતા હોઇએ, આપણા કૃત્યથી કોઇને દુઃખ થયું હોય કે કલેશ થયા હોય તેવા આત્મા માટે તો આપણે પ્રત્યક્ષ તેને ભેગા થઇ શુદ્ધ મને ક્ષમા માગવી જોઈએ તો જ એ ક્ષમાયાચનાનો કાંઇ અર્થ છે. નહીં તો પછી—

**मनस्यन्यद्वचस्यन्यद्कार्यमन्यद्दुरात्मनाम् ॥**

એટલે મનમાં એક હોય, વાણીથી બીજું જ બોલે અને કૃતિ ત્રીજી જ કરે એમ કરનારને દુષ્ટાત્મા જ કહેલ છે. ક્ષમાયાચના કે મિચ્છામિ દુક્કડં એ ઔપચારિક છે ત્યાં સુધી તેમાં કાંઇ જ અર્થ નથી. તેમાં મન, વચન અને કાયાનો ત્રિકરણ યોગ સધાય તો જ તે કરવામાં કાંઇ અર્થ સરે. એ વિચાર મનમાં ધારી ભવ્યાત્માઓએ પજુસણ પર્વની પૂર્ણાહુતિ જ્ઞાનપૂર્વક સાધવી જોઇએ તો જ એ આત્મપર્વ કહી શકાય; નહીં તો અનેક પર્વો કર્યા તેમ એ પણ એક થઈ ગયું એમ માની કરેલ પરિશ્રમ પણ વ્યર્થ જાય તેમજ આત્મા ઊલટો દોષને પાત્ર થાય.

ચાલુ રૂઢી એ રૂઢીરૂપ થઇ જવાથી જ એમાં કેટલાકોને રસ જણાતો નથી તેથી જ

# જંગમ તીર્થ—શ્રી મહાવીર.

લેખક—મોહનલાલ દીપચંદ ચોકસી

પર્વાધિરાજ પર્યુષણના આગમનની વાંસળી વાગી રહી હોય એ વેળા પવિત્ર એવા કલ્પસૂત્રના વ્યાખ્યાનોની સ્મૃતિ તાજી થાય જ. પ્રથમનું એક અને છેવટના બેની વાત બાજુ પર રાખીએ તો બાકીના પાંચ વ્યાખ્યાનમાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવના જીવનપ્રસંગોની જ વાત વણી દેવામાં આવી છે. આમ છતાં એ તાણાવાણામાં ઘણું જ જૂજ વણાયું છે. કૈવલ્ય પછીના લગભગ ત્રીશ વર્ષોમાં જંગમ તીર્થ તરીકે પ્રભુશ્રી મહાવીરે જે અમૃતવર્ષાના છાંટણા આમ જનસમૂહની સભાઓમાં કર્યાં છે અને એ દ્વારા સંખ્યાબંધ આત્માઓના કલ્યાણમાર્ગના બંધ કમાડો ખોલી નાંખવામાં અપૂર્વ સહકાર આપ્યો છે એ તરફ મીટ માંડીએ છીએ ત્યારે આત્મા થનગની ઊઠે છે, અને 'સવિ જીવ કરું શાસનરસી'

---

તેઓ કંટાળી નવી નવી પદ્ધતિ શોધવાની વેતરણમાં પડે છે. પણ આ નવી પદ્ધતિઓ શોધવાથી મુખ્ય જે કાર્ય તે કેટલું સરે છે તેનો વિચાર આવા બુદ્ધિમાનોએ કરવો રહ્યો. ઘરમાં જાળાઝાંખરા થાય છે કે ઉંદરો બીલો કરે છે એમ જણાતા કોઇ આખું ઘર જ ભાંગી નાખવા તૈયાર થાય તેવો આ પ્રકાર જણાય છે. બુદ્ધિમાનોને દોષ જણાતા હોય તો તે સુધારવા માટે કુશળતાપૂર્વક કાંઇ કરવા કરતાં તેથી ઊલટું નવા ભયંકર દોષો વ્હોરી લેવા એ ઇષ્ટ છે શું ? કલ્પસૂત્રની ટીકામાંથી અમુક ભાગ કેટલાએકોને કંટાળો ઉપજાવે તેવો હોય તો જ્ઞાની આચાર્ય તેમાં સંકોચ કે વિકાસ પોતાની વાક્ચાતુરીથી કરી શકે છે અને કંટાળો ઉપજાવે તેવો ભાગ પણ રસભરિત કરી શકે છે. એવા દાખલાઓ કાંઇ ઓછા નથી. ત્યારે પાટ ઉપર બિરાજમાન સંત વક્તાઓએ પોતાની કુશલ વાણીથી મૂળ કથાનકમાં રંગ પૂરવા જોઇએ અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી રસની રેલ વહેવડાવવી જોઇએ. કોઇ પંડિત શ્રાવક વક્તા હોય તો તેઓએ બીજે ઠેકાણે એ કુશળતાનો પરિચય કરાવી આપવો જોઇએ, પરંતુ મૂળ સૂત્રનું ગૌરવ યતકિંચિત્ પણ ઓછું થાય તેવો પ્રયત્ન કરતા અટકવું જોઇએ. અનેક બાલજીવો જે પ્રથા આત્મસાત્ કરેલી હોય તેમનો બુદ્ધિભેદ કરવો એ એક મહાન્ દોષ જ છે એ એવા પંડિતોએ વિચારવું જોઇએ.

મતલબ કે પરંપરાથી જે પદ્ધતિ ચાલતી આવેલી છે તે મૂળ મહાન્ ધુરંધર આચાર્યોની નિર્માણ કરેલી છે. તેમાં એકદમ અઘટિત ફેરફાર કરવો એ અસંત દોષાસ્પદ છે. તેમાં જરૂરી સુધારો કરવો હોય તો તેનું ગૌરવ કાયમ રાખી જનતામાં વ્યર્થ બુદ્ધિભેદ ઉત્પન્ન થાય અને વિક્ષેપ થાય તેમ કરતા અટકવું જોઇએ. ફેરફાર એ મૂળ વસ્તુમાં ન હોય. કરવો જ હોય તો તેની વિગતમાં જ થવો જોઇએ. એ મુદ્દો આપણો વિચારકવર્ગ ધ્યાનમાં રાખી કાંઇ કરી બતાવવા માંગતા હોય તો જરૂર આવકારદાયક થઇ પડશે.

એ ઉદાર ને ઉન્નત ભાવના પાછળનું રહસ્ય સમજાય છે. સાડા બાર વર્ષની ઘોર યાતના, મરણાંત ઉપસર્ગો અને તીવ્ર તપસ્યામાંથી 'તરી' પાર ઊતર્યા પછી જે દિવ્ય સત્ય લાધ્યું, એ નવનીતરૂપે સંગ્રહી જીવનના અંતિમ દિવસ સુધી જનતાને પાન કરાવનાર એ સંત જંગમ તીર્થરૂપ હતા. મહામાહણ અને મહાગોપ હતા એટલું જ નહીં પણ '**तिन्नाणं तारयाणम्**' એ પદને સાર્થક કરી જનારા 'જિન' હતા.

અહીં તો કેવળજ્ઞાન પછીના પંદરમા વર્ષનો એક પ્રસંગ આલેખ્યો છે. એમાં એક રાજકુંવરીના પ્રશ્નો રજુ કરાયા છે. એના ઉત્તરો ભગવાને મીષ્ટ વાણીમાં સંભળાવ્યા છે. એથી અભ્યાસી કુંવરીને સંતોષ થયો છે અને પ્રભુ પાસે તેણીએ ભાગવતી દીક્ષા સ્વીકારી છે. શ્રીભગવતી સૂત્રમાં જેની વાત આવે છે એ શ્રાવિકા જયન્તી તે આ જ.

કૌશામ્બીમાં જયન્તી શ્રાવિકાની ખ્યાતિ ભારે હતી. સ્વર્ગીય રાજા સહસ્રાનીકની પુત્રી, શતાનીકની બ્હેન અને સગીર રાજા ઉદાયનની એ ફોઈ થાય. અર્હત્ દર્શનની અનન્ય ઉપાસિકા તેમજ તત્ત્વની જાણકાર આ શ્રાવિકાને ત્યાં જ વૈશાલી તરફથી આવનાર શ્રાદ્ધસમૂહનો ઉતારો રહેતો.

ચન્દ્રાવતરણ ચૈત્ય તરફ જવાની ધમાલ પ્રાતઃકાળથી જ સવિશેષ શરૂ થઇ. ત્યાં ભગવાન્ મહાવીર દેવ પધાર્યા હતા. રાજમાતા મૃગાવતી અને જયન્તી દેવીના રથો પણ મોટા રસાલા સાથે ત્યાં આવી પહોંચ્યા. સૌ પોતપોતાને યોગ્ય સ્થાને ગોઠવાઇ જઇ ધર્મોપદેશ શ્રવણ કરવામાં એકતાન બન્યા. સભા વિસર્જન થયા પછી સામાન્ય પરિવારની હાજરીમાં પ્રભુ અને જયન્તી વચ્ચે જે પ્રશ્નોત્તરી ચાલી તે આ પ્રમાણે—

૧. ભગવન્! જીવ કર્મોથી ભારે કયા કારણે બને છે?

ઉ૦—શ્રાવિકા! જીવહિંસા, અસત્ય વચન, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ આદિ અઢાર પાપસ્થાનોને સેવતો આત્મા સંસાર વૃદ્ધિ કરે છે અને એ રીતે સંચિત કર્મોના પરિપાકને લણવા ચાર ગતિમાં ભટકે છે.

૨. ભગવન્! મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા જીવોને સ્વભાવથી હોય છે કે અવસ્થાને આશ્રયી હોય છે?

ઉ૦—જયન્તી! એ યોગ્યતા સ્વભાવથી હોય છે. જે જીવ ભવસિદ્ધિક છે તે પોતાના સ્વભાવથીજ છે અને રહે છે. કોઇપણ અવસ્થામાં કોઈપણ ઉપાયથી જે ભવસિદ્ધિક નથી તે થઇ શકતો નથી.

૩. શું સર્વ ભવસિદ્ધિક જીવો મોક્ષગામી છે?

ઉ૦-હા, ભવસિદ્ધિક જીવો અવશ્ય મોક્ષગામી છે.

૪. જો કોઇ ભવસિદ્ધિક જીવો મોક્ષે જશે તો એક કાળ એવો આવશે કે જ્યારે સંસારમાં કોઈ ભવસિદ્ધિક રહેશે નહીં અર્થાત્ સંસાર ખાલી થઇ જશે.

ઉ૦—ના, એમ બનવાનું નથી. જેમ સર્વ આકાશપ્રદેશોની શ્રેણીમાંથી પ્રત્યેક સમયે એકેક પ્રદેશ ઓછો કરવાનું કલ્પી લઇએ

છતાં પણ એનો અંત આવતો નથી, તેમ ભવસિદ્ધિક અનાદિકાળથી સિદ્ધિમાં જતાં છતાં અને અનંતા કાળ સુધી જવાના છતાં ખાલી થવાપણું નથી. અનંતાઅનંત હોવાથી કોઈ કાળે પણ અંત યાને છેડો આવવાનો નથી જ.

૫. પ્રભો! ઊંઘવું સારું કે જાગવું?

ઉ૦–શ્રાવિકા ! અધર્મના માર્ગ પર ચાલનારા, અધર્મ આચરણ કરનારા, અને અધર્મથી જ આજીવિકા ચલાવનારા જીવો ઊંઘતા સારા કેમકે એથી બહુ જીવોની હિંસા બચે છે અને ઘણાને ત્રાસ પડતો અટકે છે. એ સૂતા હોવાથી દુઃખ નથી દઇ શકતા, પણ ધર્મમાર્ગે ચાલનારા અને ધર્મ પ્રત્યે નજર રાખી સ્વજીવન નિભાવનારા તો જાગતા હોય એ જ ઈષ્ટ છે કેમકે એમના તરફથી કોઇ જીવોને કલેશનો સદ્ભાવ નથી પણ એથી ઊલટું સુખ અને ધર્મરૂપ લાભ થવાનો સંભવ છે.

૬. ભગવન! જીવોની સબળતા સારી કે દુર્બળતા ?

કેટલાકની સબળતા સારી અને કેટલાકની દુર્બળતા.

એમ કેમ કહો છો?

ઉ૦–જે વાત ઊંઘતા અને જાગતા સંબંધે દર્શાવી તે અહીં પણ લાગુ પાડવી.

૭. ભગવન્! સાવધાનતા સારી કે આળસ?

ઉ૦–કેટલાક જીવો સાવધ હોય તે સારા છે જ્યારે કેટલાક આળસમાં રહેતા હોય એ ઈષ્ટ છે. એ અંગે જે નિયમ ઊંઘતા–જાગતાને લાગુ પાડયો તે જ લાગુ કરવો.

૮. શ્રવણ ઇંદ્રિયને વશ પડેલ જીવ કેવા પ્રકારના કર્મ બાંધે? શ્રવણ ઇંદ્રિયને વશ થયેલ જીવ એક આયુષ્ય કર્મને છોડી બાકીના સાતે કર્મોને અર્થાત્ એની ઉત્તરપ્રકૃત્તિઓને, બાંધે છે. પૂર્વે જે બાંધેલ હોય અને એ શિથિલ દશામાં હોય તો એને વધુ દ્રઢ બનાવે છે. ઓછી સ્થિતિવાળું હોય તો વધુ સ્થિતિનું કરે છે. આ રીતે કર્મની સ્થિતિમાં વૃદ્ધિ પમાડી ચતુર્ગતિરૂપ સંસારનું ભ્રમણ વધારે છે.

જેમ શ્રવણ ઇંદ્રિયની વાત કહી, તેમ ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શ ઇંદ્રિયોને વશ બનનાર જીવો સંબંધમાં પણ સમજી લેવું.

વિષય અને કષાયરૂપ બેલડીના જોરપર તો આ સંસારના મંડાણ છે.

ભગવંતની મધુરી વાણી અને સંતોષકારક ઉત્તરોથી જેનું સમાધાન થયું છે એવી જયન્તી શ્રાવિકાએ પ્રભુ પાસે પોતાને ભાગવતી દીક્ષા આપવાની પ્રાર્થના કરી–ભિક્ષુણી સંઘમાં દાખલ થવાની ઇચ્છા દર્શાવી. સર્વજ્ઞ એવા શ્રમણ ભગવાન્ મહાવીરે એ પ્રાર્થના મંજૂર રાખી, સર્વવિરતિ સામાયિકની પ્રતિજ્ઞા કરાવી અર્થાત પંચ મહાવ્રત પ્રદાન કરવાપૂર્વક ભિક્ષુણી સંઘમાં જયન્તીને દાખલ કરી.

આવી સુશીલ અને વિદુષી શ્રાવિકાની ભાગવતી દીક્ષા હજારોના આનંદનું નિમિત્ત બને એમાં આશ્ચર્ય પણ શું હોઇ શકે?

તીર્થંકરદેવપ્રરૂપિત સંયમમાર્ગમાં

જે સમજીને પદ સંચાર કરે છે તે સાચે જ ભવનો પાર પામે છે.

શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં પ્રભુશ્રીના આ કાર્યોની નોંધ સીધી રીતે નથી દૃષ્ટિગોચર થતી. જૂદી જૂદી નગરીમાં ચોમાસા કર્યાની યાદીમાં એ સર્વ સમાવી દેવાયું છે. એ જાણવા સારુ તો શ્રી ભગવતી સૂત્રમાં આવતા પ્રસંગો, વર્ધમાન-દેશના અને અન્ય ગ્રંથોનું પારાયણ કરવું જોઈએ.

વર્ત્તમાન યુગ પ્રતિ નજર નાંખી વાત કરવાની હોય તો વિના રોકટોકે કહી શકાય. આઠ વ્યાખ્યાનની રચનામાં ચૌદ સ્વપ્ન અને તેના ફળાદેશને ગૌણ કરી, પ્રભુશ્રીના ઉપસર્ગો પ્રસંગમાં આવતી ગૌશાલકની કેટલીક વિચિત્ર લીલાઓને રદ કરી, અને પંડિતમુખ્ય ઈંદ્રભૂતિના ગર્જારવને સંક્ષેપી, ભગવંતના ત્રીશ વર્ષના ઉપદેશમય જીવનને અવશ્ય સ્થાન આપવું જરૂરી છે. જૂદા જૂદા સ્થળે તેઓશ્રી મારફત જે શંકા–સમાધાન થયેલાં છે એ એટલા મનોહર, મોહક અને તલસ્પર્શી છે કે એનો વધુ પ્રચાર ઇષ્ટ છે.

'શ્રમણ ભગવાન્ મહાવીર' નામના હિંદી ભાષામાં આલેખાયેલ પુસ્તકમાં આ પ્રકારના સંખ્યાબંધ પ્રસંગો ક્રમવાર વર્ણવેલા છે. આજના વિજ્ઞાનયુગમાં પ્રગતિવાંછુ માનસ ધરાવતા યુવાનોમાં કોલેજનું શિક્ષણ મેળવનાર વિશાળ સમૂહમાં એ સર્વ સારું આકર્ષણ પેદા કરે તેમ છે.

સંવત્સરીના પવિત્ર દિને શ્રી બારસા સૂત્ર મૂળ અક્ષરશઃ વંચાય છે તો એ પૂર્વેના દિનોમાં માત્ર સુબોધિકાના વ્યાખ્યાનો પૂર્વવત્ કહેવાય એ કરતાં એમાં, આ ઉપર દર્શાવ્યા તેવા પ્રસંગો આમેજ થાય તો સાચે જ સોનું અને સુગંધ મળ્યા જેવું લેખાય.

# વંદે વીરમ્ (પ્રાર્થના)

વન્દે વીરં શ્રી મહાવીરં, વન્દે વીરં શ્રી મહાવીરં...વન્દે.
અનુપમ જ્ઞાન અનુપમ દર્શન, અનુપમ સમતા રસ મંદિરં...વન્દે.
ત્રિશલાનંદન ભવભયભંજન, રત્નાકર સમ જે ગંભીરં...વન્દે.
પ્રાત:સમે ઊઠ ધ્યાન ધરીજે, ભવ દાવાનલ શામક નીરં...વન્દે.
મૈત્રી ભાવનો પાઠ શીખાવ્યો, જ્ઞાન દીપક પ્રગટાવી સુચિરં...વન્દે.
કરુણાનિધિ નિષ્કારણ બંધુ, નમીએ નમાવી નિશદિન શિરં...વન્દે.
અવિચળ અક્ષય અજ અવિનાશી, પદ અર્પો પ્રભુ સુરગિરિ ધીરં...વન્દે.
અગણિત લક્ષણ અંગે છાજે, દુરિત તિમિરહર વર મિહિરં...વન્દે.
આત્મ કમલમાં લબ્ધિ સ્થાપો, કાપો કીર્તિ કર્મ જંજીરં...વન્દે.

મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજ

# સાધકની સાધના—પર્વપુંગવ પર્યુષણા

લેખકઃ—મગનલાલ મોતીચંદ શાહ, વઢવાણ કેમ્પ.

## પર્યુષણા પર્વના ઉપસ્થિત નામો—

પર્યુષણા પર્વને મહાપર્વ, અપૂર્વ પર્વ, શુદ્ધિ પર્વ, તપપ્રધાન પર્વ, મુક્તિ પર્વ, સાધના પર્વ તેમજ પર્વાધિરાજ પણ કહેવામાં આવે છે. આ ઉપરથી આ મહાપર્વનું માહાત્મ્ય કેટલું વિશેષ છે તે નક્કી થાય છે. આ પર્વને લોકોત્તર કે દૈવી પર્વ પણ કહી શકાય, કેમકે નંદીશ્વર જેવા અપ્રતિમ સમૃદ્ધિવાળા દ્વીપના દેવતાઓ શ્રીજિનેશ્વરદેવોના જન્મ કલ્યાણકો તથા પર્યુષણાદિ મહાપર્વોની આરાધના અને ઉત્સવો કરે છે, તે જ આ મહાપર્વનું માહાત્મ્ય સૂચવે છે.

શ્રીજંબૂદ્વીપના આ ભરતક્ષેત્રમાં જ્યારે તીર્થંકરોના જન્મકલ્યાણક આદિ મહોત્સવો દેવતાઓ કરતા ત્યારે ભરતક્ષેત્ર પણ તેવી સમૃદ્ધિવાળો ગણાતો. હાલ તેવી સમૃદ્ધિ રહી નથી, પરંતુ પ્રભુના મુખમાંથી નીકળેલી શ્રુતજ્ઞાનની છત્રછાયા તો આપણા ઉપર રહેલી જ છે. આપણે એટલા ભાગ્યશાળી છીએ કે આપણો જન્મ અનાર્ય દેશની અપેક્ષાએ આજે ભરતક્ષેત્રમાં છે, કે જ્યાં આ છાયાનો લાભ શ્રવણદ્વારા મેળવી તેની ઉપાસના કરીએ છીએ.

## પુંગવ શબ્દનો અર્થ અને તેનો પ્રયોગ—

આ મહાપર્વને પર્વપુંગવ પણ કહી શકાય. પર્વપુંગવ એટલે પર્વોમાં શ્રેષ્ઠ, બધાં પર્વોમાં જે શ્રેષ્ઠ હોય તેને જ પર્વપુંગવ કહેવાય, અને તેનું માહાત્મ્ય પણ તે પ્રમાણે વિશેષ હોય. પુંગવનો અર્થ સર્વથી શ્રેષ્ઠ–સર્વથી ઉત્તમ એવો થયો. પુંગવ શબ્દ આપણને કાંઈક અપરિચિત લાગશે, કેમકે આ શબ્દનો પ્રયોગ આપણામાં બહુ દૃષ્ટિગોચર થતો નથી, પરંતુ બીજાં શાસ્ત્રોમાં તો એ શબ્દ બહુ વપરાયો છે. જો હું ભૂલતો ન હોઉં તો એક ઠેકાણે અર્જુન બાણાવળીને "નરપુંગવ" અને સંગ્રામ રથધારી અશ્વને "અશ્વપુંગવ" કે "પશુપુંગવ"ની ઉપમા આપી છે. જેમાં જે ઉત્તમ હોય ત્યાં તે શબ્દ જોડવામાં આવે છે. મુનિઓમાં ઉત્તમ હોય તેને "મુનિપુંગવ" અને રૂષિઓમાં ઉત્તમ હોય તેને "રૂષિપુંગવ" કહેવાય છે. ગુણ અને અધિકારની વિશિષ્ટતા બતાવવા માટે આ શબ્દનો સાત્વિક પ્રયોગ નીચેના શ્લોકમાં જોવામાં આવે છે,

तपःस्वाध्यायनिरतं, तपस्वी वाग्विदां परं ।
नारदं परिपप्रच्छ, वाल्मीकिर्मुनिपुंगवं ॥

તપ જેનો સદાય સ્વાધ્યાય છે, એવા સ્વાધ્યાયમાં નિમગ્ન થયેલા, તથા તપથી વિશુદ્ધ કરેલી છે વાણી જેણે એવા પવિત્ર વાણીના અધિષ્ઠાતા, તેમજ ગુણ અને કર્મમાં સદૈવ શ્રેષ્ઠ છે એવા મુનિપુંગવ એટલે મુનિયોમાં ઉત્તમ શ્રીનારદમુનિને વાલ્મીકિ રૂષિએ પૂછ્યું.

આમાં નારદને મુનિપુંગવ કહી તપની પ્રધાનતા બતાવી છે, તેમ આ ઠેકાણે પર્યુષણા પર્વને સર્વ પર્વની કરણીની અપેક્ષાએ તપપ્રધાન પર્વ ગણી "પર્વપુંગવ" કહેવામાં આવ્યું છે. ઉપરના શ્લોકમાં મહર્ષિ વાલ્મીકિએ મુનિ શબ્દ સાથે તપને જોડી તપનું જે મહાત્મ્ય બતાવ્યું છે, તે આપણા તપવિધાન પર્વને પુષ્ટિ આપે છે. આવા ઉદાહરણો ઓછાં જ મળી શકે.

## પર્વો અને તેનો પ્રભાવ—

શાસ્ત્રકાર મહારાજાઓએ ધર્મકરણી કરનારા જીવો માટે પર્વની સ્થાપના કરી છે, એ આપણે જાણીએ છીએ. બધા જીવો હમેશાં સરખી રીતે ધર્મકરણી કરનારા હોતા નથી, તેમજ બધાનો ક્ષયોપશમ પણ એક સરખો હોતો નથી. ભિન્ન ભિન્ન પ્રકૃતિથી પોષાયેલું મનુષ્ય જીવન પોતાના શ્રેય માટે કાંઈક સાધના સાધી શકે, તે માટે પર્વોના પણ કેટલાક ભેદો પાડ્યા છે. પ્રારંભમાં બીજ, પાંચમ, આઠમ–આ માસિક બાર દિવસો પર્વ તરીકે ગણીને આરાધનાના બતાવ્યા.

મુમુક્ષુ જીવો જેઓ હમેશાં ધર્મકરણી કરનારા છે, ધર્મ સન્મુખ રહેનારા છે, સ્વાધ્યાયના સતત અભ્યાસી છે, સ્વરૂપમાં રમણતાવાળા છે, પરમાનંદ પદની પ્રાપ્તિની ઇચ્છાવાળા છે, સદાય જાગૃત છે, સમય માત્રનો પણ પ્રમાદ કરતા નથી, જેની પ્રકૃતિ વિકૃતિ પામતી નથી, એવા મહાન્ આત્માઓ માટે તો પોતાના જીવનના બધાય દિવસો લગભગ સરખા ગણાય.

પરંતુ સંસારી જીવો સંસારમાં જ મગ્ન રહેનારા કાંઈક આસક્તભાવ ઓછો કરી પોતાના આત્માને ધર્મ સન્મુખ કરે, આ હેતુથી પૂર્વાચાર્યોએ પર્વની ક્રમિક યોજના અને મહાત્મ્ય બતાવ્યું છે. જેઓ પ્રતિમાસના બાર પર્વની આરાધના કરી પાપની આલોચના કરી શકતા નથી તેમને માટે ચાતુર્માસ્ય આરાધનાનું ફરમાવ્યું, પરંતુ અશુભ કર્મના ઉદયે તે પણ જેનાથી બની શકતી નથી તેને છ માસિક તપપ્રધાન (આંબિલ) નવપદની આરાધનાનું વિધાન બતાવ્યું, તે પણ જેનાથી ન બન્યું તેણે તો આ વાર્ષિક સંવત્સરી આરાધન જરૂર કરવું જ જોઇએ. આ આરાધન તે જ પર્યુષણ પર્વ છે, કે જેનું મહાત્મ્ય પરમ શુભ ગતિનું કારણ છે.

## આરાધક દશામાં પડતો આયુષ્યબંધ શુભ ગતિ પ્રાપ્ત કરાવે છે—

જ્ઞાનીઓએ સંસારી જીવોના ભલાને માટે કેટલું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે તે વિચારવા યોગ્ય છે. આરાધક જીવોને આરાધનામાં વેગ મળે, આરાધનાનું ફળ સમજાય તેમજ તે પ્રતિ ઊર્મિ ખેંચાય એ હેતુથી એવું નિદાન કર્યું છે કે–આરાધક દશાને પ્રાપ્ત થનારો જીવ એટલે સમ્યગ્ ધર્મકરણી કરનારો જીવ ધર્મકરણી કરતી વખતે જો આગલા ભવનું આયુષ્ય બાંધે તો શુભ ગતિનું આયુષ્ય બંધાય. આ ધર્મકરણીનું ફળ બતાવ્યું. આગામી ભવનું આયુષ્ય બાંધવાનો નિયમ શાસ્ત્રકાર એવો બતાવે છે કે આખા જીવનના ત્રણ ભાગમાંથી બે ભાગ

ગયા પછી ત્રીજે ભાગે, નવમે ભાગે કે સત્યાવીશમે ભાગે નવા ભવનું આયુષ્ય બંધાય. કદાચ આ વખતે ન બંધાય તો પછી છેલ્લે જીવનનો અન્તર્મુહૂર્ત કાળ બાકી રહે ત્યારે તો અવશ્ય બંધાય જ. કહેવાનું તાત્પર્ય કે સમ્યગ્ ધર્મક્રિયામાં આરૂઢ થયેલો જીવ તે વખતે નવા ભવનું આયુષ્ય બાંધે તો અવશ્ય શુભ ગતિનો બંધ પડે. આ શુભ ગતિ પ્રાપ્ત કરી, સુખનો આસ્વાદ લેતો અનેક જન્મમરણનાં દુઃખો દબાવતો જીવ ક્રમેક્રમે શુભ અધ્યવસાય પર આવી છેલ્લે આત્મિક શાંતિ–મોક્ષ મેળવી શકે.

**વાસનાક્ષય એ સર્વ સિદ્ધિનું મૂળ છે—**

આ મહાપર્વનું માહાત્મ્ય સાત્વિક ક્રિયા અને તેમાં રહેલા અપૂર્વ ભાવને આભારી છે. ખાવું, પીવું, ફરવું, હરવું અને મોજમજા કરવાનું આ લૌકિક પર્વ નથી. લૌકિક પર્વો અનેક વ્યવસાય, અનેકવિધ પ્રવૃત્તિ અને અનેક આરંભસમારંભથી બંધનું કારણ છે ત્યારે આ લોકોત્તર પર્વ, જ્ઞાન, ધ્યાન, જપ, તપ, સજ્ઝાય, વંદન, પૂજન, યજન, શ્રવણ, મનન, ચિન્તવન, ભક્તિ, ભાવના, ઉપાસના તેમજ સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના આદિ સંવર ક્રિયા કરાવી આશ્રવદ્વાર રોકે છે અને કર્મની નિર્જરા થતાં જીવ ઊર્ધ્વગામી બને છે. તેથી જ આ પર્વને પર્વપુંગવ કહેવામાં આવ્યું છે. વળી આ પર્વને મુક્તિ પર્વ પણ કહી શકાય કેમકે જીવને કર્મ સાથે યુદ્ધમાં ઉતરવું પડે છે, કે જે યુદ્ધથી–સંગ્રામથી આ આત્મા દીર્ઘ સમયની માયાવી પરાધીનતાની જાળ તોડી સ્વાધીનતારૂપી સ્વરાજ્યને પ્રાપ્ત કરે છે, પરદશા–પરભાવને તજી સ્વદશા–સ્વભાવમાં આવી જાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું અને અતિ કઠણ કાર્ય વાસનાક્ષયનું છે. આ પર્વને વાસનાક્ષય પર્વ કહીએ તો પણ ખોટું નથી, કેમકે જ્યાં સુધી સંસારના પદાર્થો પર આસક્ત ભાવ, મૂર્ચ્છાભાવ, વાસના, ઇચ્છા કે મમત્વભાવ છે ત્યાં સુધી ચિત્તની શુદ્ધિ નથી અને ચિત્તની શુદ્ધિ વિના પરમ મંગળરૂપ બે ઘડીની સાવદ્ય યોગના ત્યાગની ક્રિયા જે સામાયિક તે પણ બની શકતી નથી, તો પછી પઠનપાઠન, શ્રવણમનન, વંદનપૂજન, વગેરે શુદ્ધભાવથી ક્યાંથી થાય ? કદાચ વ્યવહારથી સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, પૌષધ આદિ વ્રતો આદરે તો પણ ભાવશુદ્ધિ વિના આત્મિક લાભ મળી શકતો નથી. કહ્યું પણ છે કે,—

**कामान्विहाय यः सर्वान्, पुमांश्चरति निःस्पृहः ।**
**निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥**

જે જીવ સર્વ કામવાસનાઓને તજી નિઃસ્પૃહ થઈ વિચરે છે તથા જેની વાસના ટળી જાય છે તે જ ધર્મને માર્ગે વળી શાંતિને પામે છે.

નીચેનો શ્લોક પણ મમત્વત્યાગ કે વાસનાક્ષયને પુષ્ટિ આપે છે.

**चित्रं न चित्रं न सृतिर्विचित्रा, पान्थेषु चैतत्परमं विचित्रं ।**
**अध्वानमाप्ता ह्यभयं तथापि, दृढं प्रसक्ताः खलु खाद्यभारे ॥**

ચિત્ર વિચિત્ર નથી તેમ માર્ગ પણ વિચિત્ર નથી, પરંતુ મુસાફરોમાં જ આ પરમ વિચિત્રપણું જોવામાં આવે છે, કારણ કે તેઓ અભય માર્ગને પામ્યા છતાં વાસનારૂપી ભોજનના ભાર પર અત્યંત આસક્તિ રાખી રહ્યા છે તે જ વિચિત્રપણું છે.

નીચેનું એક અંગ્રેજી વાક્ય જે નાનું છે છતાં ઘણો કિંમતી માર્મિક બોધ કરે છે જેથી મૂક્યું છે, " He is the man who dies before death " તે જ ખરેખર માણસ છે કે જે મૃત્યુ પહેલાં મરે છે. આ એનો શબ્દાર્થ થયો, પરંતુ આધ્યાત્મિક ભાવાર્થ તો આ પ્રમાણે થાય. જડ દેહના મૃત્યુ પહેલાં કર્મ શરીર અમર વાસના શરીરનો જેણે ત્યાગ કર્યો છે તે જ ખરો મનુષ્ય જીવનની અમૂલ્યતા સિદ્ધ કરે છે, તે જ પંડિત મરણે મરે છે, વાસનાને મારીને મરે છે તે જ અમર છે.

ગુર્જર કવિ કહે છે કે " વાસના વેરીને કામ એવાં કરો, જે થકી થાય જગદીશ રાજી. " લાકડાંને કરવતથી વેરી જેમ તેના કકડા પાડવામાં આવે છે તેમ વાસનાને કાપીને એવાં કામ કરો કે જેથી પ્રભુ રાજી થાય અને પોતાનું કલ્યાણ થાય.

આ ઉપરથી નક્કી થાય છે કે–સાધકને સાધનામાં જો કોઈ મૂળભૂત કારણ નડતું હોય તો તે વાસના કે દેહાધ્યાસનું જ છે. આ વાસના સાધકને સાધ્ય દશા પ્રગટવા દેતી નથી, જેથી જ ઉપરનાં દૃષ્ટાંતોથી લેખને જરા વિસ્તારવામાં આવ્યો છે.

## સ્વરૂપ સમજ્યા વિનાની સાધના સફળ થતી નથી—

જેનું આરાધન સાધકે કરવાનું છે તેનું સ્વરૂપ સમજવાની પણ તેને ઘણી જરૂર છે. સ્વરૂપ સમજ્યા વિના કેટલીક વખત અર્થનો અનર્થ થાય છે. એક દાખલો લઈએ– " **एकादश्यां विशेषेण, कर्तव्यं भोजनद्वयं** " આનો અર્થ એકાદશીના ઉપાસકો એવો કરે કે–એકાદશી પર્વમાં બે વખત ભોજન એટલે ફળાહાર કરવાનું સૂચવ્યું છે. આપણે વિચારીએ કે રાજગરાનો શીરો, કેળાં, મગફળી, બટેટા, શકરીઆં એ ફળાહાર તરીકે ગણાય છે અને તે પણ બે વખત ખાવામાં આવે તો આ ભારે ખોરાકથી કેટલું નુકશાન થાય? આમાં એકાદશીનો કયો મહિમા સચવાયો? ખરો અર્થ એ છે કે **भो ! जन** અરે ભાઈ, એકાદશીમાં વિશેષે કરીને બે કર્તવ્ય કરવાનાં છે, એક તો ભોજનનો ત્યાગ અને બીજું નિદ્રાનો ત્યાગ. આ બે કર્તવ્ય અવશ્ય કરવાં એ જ એકાદશીનું માહાત્મ્ય છે, અને અશક્ત માણસને ફક્ત એક જ વાર સ્વલ્પ ફળાહારની છૂટ છે. કહેવાનું તાત્પર્ય કે અર્થનો અનર્થ આમ થાય.

આપણાં પર્વની ધાર્મિક કરણીની વિશુદ્ધિ સમજવા માટે ઉપલું દૃષ્ટાંત આપ્યું છે. ઉપયોગ અને યત્નાથી સમ્યક્ ક્રિયા કરી શકાય છે. તેમાં પણ પર્યુષણા પર્વમાં તો ઉપયોગ, યત્ના અને અનુપ્રેક્ષા–આત્મવિચારણા પર બહુ લક્ષ આપવાનું રહે છે; કેમકે એ જૈન ધર્મનું ખરૂં મૂળ છે. **जयं चरे, जयं चिट्ठे** યત્નાથી ચાલવું, યત્નાથી બોલવું, એ જિનેશ્વરદેવની

આજ્ઞા છે, કેમકે " **धम्मो आणाए पडिबद्धो** " ધર્મ જિનેશ્વરદેવની આજ્ઞાથી પ્રતિબદ્ધ છે. આ સ્વરૂપ સમજીને ધર્મક્રિયા કરતાં અતિચારાદિ દોષો લાગવાનો સંભવ ઓછો રહે છે.

**પર્યુષણા પર્વની સાધના—**

આ મહાપર્વની સાધના શાસ્ત્રકારોએ ઘણી રીતે બતાવી છે. વ્યાખ્યાનમાં તેનું શ્રવણ થાય છે, લેખકો જુદી જુદી દૃષ્ટિએ તેના ભેદપ્રભેદ સમજાવે છે, તે બધાનો સાર નીચેના એ શ્લોકમાં તારવી શકાય છે.

स्रग्धरा

**भक्तिः श्रीवीतरागे भगवति करुणा प्राणीवर्गे समग्रे ।**
**दीनादिभ्यः प्रदानं श्रवणमनुदिनं श्रद्धया सुश्रुतीनां ॥**
**पापापोहे समीहा भवभयमसमं मुक्तिमार्गानुरागः ।**
**संगो निःसंगचित्तैर्विषयविमुखता हर्म्यिणामेव धर्मः ॥**

શ્રી વીતરાગ દેવ પ્રતિ અપૂર્વ ભક્તિ, સમસ્ત પ્રાણીવર્ગ ઉપર કરુણા, ગરીબોને દાન, શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રનું શ્રવણ કરવું, આરંભસમારંભ અને મન વચન કાયાના અશુભ યોગનો ત્યાગ, સંસારનો જન્મમરણનો ભય, મોક્ષમાર્ગ પર પ્રીતિ, સદ્‌ગુરુરૂપ નિર્ગ્રંથ મહાત્માઓનો સંગ, વિષયવાસનાઓની વિમુખતા, આ પ્રમાણે ગૃહસ્થનો-સાધકનો સાધ્ય ધર્મ છે.

દેશવિરતિ કરતાં સર્વવિરતિ એ સાધકની ઉચ્ચ દશા છે. તેનું આરાધન નીચેના શ્લોકમાં પ્રત્યક્ષ થાય છે.

( શાર્દૂલ. )

**દેહે ના મમતા વિવેક ગુરુમાં, જે લીન અભ્યાસમાં,**
**ચારિત્રે અતિ શુદ્ધ ઉપશમતા, વૈરાગ્ય સંસારમાં;**
**બાહ્યાન્તર્પરિત્યાગ છે પરિગ્રહે, ધર્મજ્ઞ ને સાધુતા,**
**આ સાધુજન લક્ષણો નરભવે, સંસારને કાપતા.**

આ પર્યુષણા પર્વમાં ભવિજીવો આ સાધનાના સાધક બને.

**અભિમાને દુઃખ ઉપજે, અભિમાને જશ જાય;**
**મિથ્યા અભિમાને કરી, જીવનું જોખમ થાય.**
**મંગન મરણ સમાન હે, મત કોઈ માગો ભિખ;**
**મંગનસે મરણા ભલા, એ સદ્‌ગુરુકી શિખ.**
**લાખ ગુમાવી સાખ રાખજે, સાખે મળશે લાખ;**
**લાખ ખરચતાં સાખ ન મળે, સાખ ગયે રહે રાખ.**

# પર્યુષણાપર્વ કઈ રીતે ઉજવશો ?

## મુનિરાજ શ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી )

ઋતુરાજ વસંત આવે છે અને પ્રાણીસૃષ્ટિમાં નવચૈતન્ય, નવસર્જન અને નવીન ઉત્સાહની જ્યોતિ પ્રગટાવે છે. વનરાજી ખીલી ઊઠે છે, સહકાર વૃક્ષરાજ મહોરથી શોભી ઊઠે છે, પક્ષીગણુ નવો સ્વર ગજાવે છે અને માનવસમૂહ પણુ જાગૃત-સચેતન બને છે. બસ આવી જ રીતે જૈન સંઘને માટે મહાપર્વ-પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વનું મહત્વ છે. પર્વાધિરાજ આવે છે, આવે છે કરીને જૈન સંઘ જાગૃત બને છે. ધર્મધ્યાનની વિશેષ આરાધના કરે છે અને નવ ઉત્સાહનાં સુંદર દશ્યો નજરે પડે છે.

પર્વાધિરાજની ખરી મહત્તા મૈત્રી ભાવના, ક્ષમાભાવના-ઉપશમભાવની ખીલવણીમાં છે. આ ભાવનાની વિશુદ્ધિ માટે ત્યાગ, તપ અને સંયમનાં અનેકવિધ સાધનો પ્રબોધાયાં છે. સાથે જ શાસનપ્રભાવના, તીર્થભક્તિ (સ્થાવર અને જંગમ) અને જિનવરેંદ્રની ભક્તિની પણુ યોજના રાખવામાં આવી છે.

યદ્યપિ મૈત્રી ભાવનાની સદાયે આવશ્યકતા હોય જ છે છતાંયે ભારતના આ વિષમ સમયે મૈત્રી ભાવની ખૂબ જરૂર છે. આજે ભગવાન મહાવીરદેવના આ દિવ્ય સંદેશાની ઘેર ઘેર જરૂર છે. જુઓ—" **सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्जा वेयव्वा न परिछेत्तव्वा न उवद्धवेयव्वा एस धम्मे सुद्धे धुवे नीए सासए समेच्चलोयं खेयन्नेहिं पवेइए।** " સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્વોને ન મારવા, ન હુકમ કરવા, ન પકડવા અને ન ઉપદ્રવ કરવા. આ જ શુદ્ધ ધ્રુવ નીતિ યુક્ત-નિત્ય અને શાશ્વત ધર્મ છે. આ પ્રમાણે લોકને જોઇને શ્રીતીર્થંકરદેવોએ આ પ્રમાણે ફરમાવ્યું છે.

ખરેખર ભગવાન મહાવીરદેવે બહુ જ સુંદર સૂત્ર પ્રબોધ્યું છે-કોઇ પણુ જીવને ન મારશો, તેના ઉપર અન્યાયી હુકમો-જુલ્મી હુકમો ન છોડશો, જીવોને ન પકડશો અને જીવોને કોઇ પણુ જાતનો ઉપદ્રવ-ભય ન પમાડશો. આજ ધર્મ સર્વશ્રેષ્ઠ અને શાશ્વત ધર્મ છે.

હિન્દભરમાં ફેલાયેલી કોમી અશાન્તિના દાવાનલને ઠારવા માટે આવા અહિંસાના મહાન પ્રબોધક પેગંબરની જરૂર છે. આજે દુનિયાભરમાં ફેલાયેલી અશાંતિ, અવિશ્વાસ અને યુદ્ધની દાનવી શક્તિને દબાવવા માટે અહિંસા, મૈત્રી, પ્રેમના મહામંત્રના પ્રબોધક મહાપુરુષ શ્રી મહાવીર ભગવાન જેવા સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ દેવની જરૂર છે. આજે જગતને એમના ઉપદેશમાં રહેલું અમૂલ્ય રહસ્ય સમજાવનાર મહાપુરુષની જરૂર છે.

પર્વાધિરાજ શ્રીપર્યુષણા મહાપર્વ દરવર્ષે જૈનસંઘને આજ ઉપદેશ આપે છે. માનવી જીવનમાં આવતી કમજોરીઓ, આવતા અવગુણો, પ્રકટ થતા રાગ અને દ્વેષોનું ઉન્મૂલન કરી

આત્માને વિશુદ્ધ, પવિત્ર, શાંત, ક્ષમાશીલ બનાવનાર આ આત્માની અનંત શક્તિના વિકાસ માટે ઋતુરાજ વસંતની ગરજ સારનાર આ પર્વાધિરાજ છે.

આ મૈત્રી ભાવના, આ ઉપસમ ભાવના અને આ અહિંસક વૃત્તિના વિકાસ માટે જૈનોએ સૌથી પ્રથમ હૃદયના મેલ, અંતરની આંટીઘુંટીઓ, કષાય, ઈર્ષ્યા અને દ્વેષનો નાશ કરવો પડશે અને આપસમાં સહકાર–સંગઠન–પ્રેમ–ક્ષમા–અકલુષવૃત્તિ અને અદ્વેષ આદિ ગુણોને જીવનમાં અપનાવવા પડશે; તો જ આપણા પર્યુષણા પર્વ ઉજવ્યાં સફલ છે.

## મંગલ

મનના વાંછિત પૂરે–મંગલ—
દુરિત દુરન્તર ચૂરે–મંગલ—

વિઘ્ન હરે ભવ ભય દૂર ટાળે, પાપ પ્રચંડ પ્રજાળે;
દ્રવ્ય–ભાવ બે ભેદો જેના, શાસ્ત્ર તણે અનુસારે. ૧ મંગલ૦

દધિ મધુ મધુરી સાકર સેતી, શુકન વસ્તુ વિચારે;
મિષ્ટ વચન નિજ સ્નેહી જનનાં, વાદ્ય ધ્વનિ મનોહારે. ૨ મંગલ૦

એ સવિ મંગલ દ્રવ્યથી દાખ્યાં, લોક પ્રતીતિ ધારે;
દ્રવ્ય મંગલ એ પ્રાયે ફળતાં, ભાવ મંગલ આધારે. ૩ મંગલ૦

જિનવરભાષિત ધર્મ એ નિશ્ચય, મંગલ ભાવ વિચારે;
નિશ્ચિત ફળ એ આપે અનુપમ, લક્ષ્મી લીલા વધારે. ૪ મંગલ૦

ભાવ મંગલ વિણ ભવમાં ભટકે, ચેતન ધર્મ વિસારે;
પાપ ઊપાર્જી પહોંચ્યો ચક્રી, સુભૂમ નરકને દ્વારે. ૫ મંગલ૦

જ્ઞાની ધ્યાની તપસી મુનિના, દર્શન આ સંસારે;
ધર્મ મંગલ તે સેવી સાધો, સિદ્ધિ ભવને કિનારે. ૬ મંગલ૦

ધર્મધુરંધર જિનવર ગણધર, મુનિવર પાર ઉતારે;
પ્રથમ મંગલ એ હૃદય ધરી ભવી, શાશ્વત સુખમાં મ્હાલે. ૭ મંગલ૦

મુનિરાજશ્રી ધુરંધરવિજયજી

# સભા........સમાચાર

દ્વિતીય શ્રાવણ શુદિ ત્રીજ ને મંગળવારના રોજ આપણી સભાની ૬૬મી વર્ષગાંઠ હોઇ સભાના મકાનને ધ્વજા–પતાકાથી શણુગારવામાં આવ્યું હતું. સવારના નવ વાગે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા ભણાવવામાં આવી હતી. પૂજાસમયે સ્થાનિક સભાસદોની હાજરી સારા પ્રમાણમાં હતી.

સભાના પ્રમુખ શ્રી જીવરાજભાઇએ, સભાના આમંત્રણથી પૂજાના સમયે અત્રે ચાતુર્માસ બિરાજતા આચાર્ય મહારાજશ્રી **વિજયલાવણ્યસૂરીશ્વરજી** મહારાજ સભામાં પધાર્યા અને તેઓશ્રીએ તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યોએ સુંદર રાગરાગણીથી પૂજા ભણાવવામાં ઉત્સાહથી ભાગ લીધો તે માટે ઉપકાર માન્યો હતો. આચાર્ય મહારાજશ્રીના અદ્વિતીય વૈયાકરણ, ન્યાય, સિદ્ધાંત તથા આગમના જ્ઞાન માટે પ્રશંસા કરી હતી. અને આવા સંયમી, જ્ઞાની અને તપસ્વી સાધુમહારાજોની પરંપરાથી જૈનધર્મ આપણા ભારતવર્ષમાં અનેક રાજ્યોના પલટા થયા છતાં સેંકડો વર્ષથી વિકસી રહ્યો છે અને ભવિષ્યમાં પણ વિકસી રહેશે એવી ભાવના વ્યક્ત કરી હતી. આચાર્યમહારાજશ્રીએ સભાના સંચાલકોને સભાએ જે પ્રતિષ્ઠા મેળવી છે તે સાચવી રાખવા અને તેમાં વૃદ્ધિ કરવા યથાયોગ્ય સૂચના કરી હતી અને સભા પ્રત્યે પોતાની શુભેચ્છા દર્શાવી હતી. પૂજામાં શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

બપોરના ચાર કલાકે સભાસદોનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સમયે સભાના સેક્રેટરી શ્રી **અમરચંદ કુંવરજી શાહે,** સભાની હાલની કાર્યવાહી તથા નાણાકીય સ્થિતિ સંબંધી પોતાનું નિવેદન રજૂ કર્યું હતું, જે નીચે પ્રમાણે છે.

* *

## નિવેદન

સં. ૧૯૯૭ સુધીનો રિપોર્ટ તો આપણે "શ્રી જૈન ધર્મ પ્રકાશ"માં પ્રસિદ્ધ કરી ચૂકયા છીએ. ત્યારબાદ સં. ૧૯૯૮ થી અત્યાર સુધીનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે, પરંતુ સરવૈયામાં હજુ ભૂલ આવતી હોવાથી અમે તે છાપીને પ્રસિદ્ધ કરી શકયા નથી. સામાન્યતઃ આપણે દરેક વર્ષનો રિપોર્ટ બીજા વર્ષના પ્રારંભમાં આપી શકતા પણ સં. ૨૦૦૦માં સભાના પ્રમુખ મુરબ્બીશ્રી શ્રીયુત કુંવરજીભાઈનું સ્વાસ્થ્ય રહેજ નરમ–ગરમ ચાલતું હોઈ તેમજ મુખ્ય કારકુન મોહનલાલ પણ નાદુરસ્ત રહેતા હોઇ નામું તૈયાર કરવા–કરાવવામાં ઢીલ થઇ. કમનસીબે સં. ૨૦૦૧ના પોસ માસમાં સભાના આત્મા શ્રી કુંવરજીભાઈ સ્વર્ગવાસી થયા અને ત્યારબાદ એકાદ મહિને મુખ્ય કારકુન પણ પક્ષઘાતની અસરથી પીડાયા એટલે શિરસ્તા મુજબ નામું યોગ્ય સમયે તૈયાર થઇ શકયું નહીં.

જો કે નામું તૈયાર કરવાની અમારી કોશીશ ચાલુ જ હતી, અને તે માટે સહાયકારક નવા મહેતાજી પણ રાખવામાં આવેલ–આ રીતે પ્રયાસને અંગે બધું નામું તૈયાર કરવામાં આવ્યું છે, પરન્તુ સરવૈયામાં ભૂલ આવતી હોવાથી, આટલી ધીરજ રાખવામાં આવી છે તો ભૂલ વિનાના સરવૈયા રજૂ કરવામાં આવે તે ઉચિત ગણાય એ જ એક માત્ર આશયથી અમે સભાનો આવક–જાવકનો હિસાબ મૂકી શકયા નથી. અમારી ઉમેદ છે કે–અમે તે તાત્કાલિક આપ સમક્ષ રજૂ કરવા ભાગ્યશાળી થઇશું.

આટલું પ્રાસંગિક જણાવી ગયા બાદ સભાની કાર્યવાહીની સામાન્ય રૂપરેખા આપને જણાવું તો તે ઉચિત ગણાશે.

સં. ૧૯૯૮ માં ૧ પેટ્રન રાવબહાદુર શેઠ નાનજી લધાભાઈ, ૧૮ લાઇફ મેમ્બરો અને ૨૦ વાર્ષિક મેમ્બરો થયા હતા.

સં. ૧૯૯૯ માં ૧ પેટ્રન શેઠ ભોગીલાલભાઇ મગનલાલ, ૧૪ લાઇફ મેમ્બરો તેમજ ૧૪ વાર્ષિક મેમ્બરો થયા હતા.

સં. ૨૦૦૦ માં ચાર પેટ્રનો ૧ શેઠ રમણિકલાલભાઈ ભોગીલાલ, ૨ શ્રી મોહનલાલ તારાચંદ શાહ, ૩ પારેખ ચુનીલાલ દુર્લભજી અને ૪ નરોત્તમદાસ કેશવલાલ શાહ, ૨૬ લાઇફ મેમ્બરો અને ૧૭ વાર્ષિક મેમ્બરો થયા હતા.

સં. ૨૦૦૧ માં ૧ પેટ્રન ૧ શ્રી જાદવજીભાઇ નરશીદાસ શાહ, ૧૦ લાઇફ મેમ્બર તેમજ ૫ વાર્ષિક મેમ્બરો થયા હતા.

સં. ૨૦૦૨ માં ૩૦ લાઇફ મેમ્બરો તથા ૧૯ વાર્ષિક મેમ્બર થયા હતા.

સં. ૨૦૦૩ માં અશાડ વદિ ૦)) સુધી ૨ પેટ્રન (૧) શ્રી મણિલાલ દુર્લભદાસ શાહ અને (૨) શેઠ બબલચંદ કેશવલાલ મોદી, ૧૫ લાઇફ મેમ્બર અને ૧૭ વાર્ષિક મેમ્બરો થયા હતા.

એટલે અત્યારે આપણી સભામાં ૧૬ પેટ્રનો, ૩૯૪ લાઇફ મેમ્બરો અને ૨૦૫ વાર્ષિક મેમ્બરો છે.

સભાની બીજી મુખ્ય પ્રવૃત્તિ છે–" શ્રી જૈન ધર્મ પ્રકાશ " માસિક પ્રકાશન. આપ સર્વ હાલની મોંઘવારીથી સુપરિચિત છો એટલે એ સંબંધમાં અમે વધુ કશું જ કહેતા નથી. કાગળના ભાવ આજે લગભગ આઠગણા અને છપાઇ લગભગ ચારગણી છે. " **પ્રકાશ** " નું લવાજમ માત્ર દોઢ રૂપિયો છે; જ્યારે સભાને પ્રકાશ ચાર રૂપિયે પડે છે. આ પડતી ખોટને પહોંચી વળવા માટે લવાજમ વધારવાનું યોગ્ય ન લાગ્યું એટલે તે અંગે " પ્રકાશ સહાયક ફંડ " શરૂ કરવામાં આવ્યું. અમને આનંદ તો એ વાતનો થાય છે કે–અમારી અપીલનો સુંદર જવાબ વાળવામાં આવ્યો છે. સં. ૧૯૯૮–૯૯ માં અમને ૨૬૦૦) ની રકમ, સં. ૨૦૦૨ માં ૨૧૬૧) ની રકમ અને ચાલુ વર્ષમાં રૂા. ૬૫૦) ની રકમ સહાય

તરીકે મળી છે. ચાલુ વર્ષમાં "સહાયક ફંડ" શરૂ જ છે. આ પ્રસંગે આપને સાથોસાથ નમ્ર વિજ્ઞપ્તિ કરી લઉં કે આપે જો આપની સહાય-રકમ અમને ન મોકલી આપી હોય તો અવશ્ય મોકલી આપી અમને પ્રેરણા ને ઉત્સાહ આપ્યા કરશો.

સભાની ત્રીજી અગત્યની બાબત છે—પુસ્તક પ્રકાશનખાતું. સભાના સ્થાપનકાળથી અત્યારસુધી ૬૫) વર્ષના ગાળા દરમિયાનની સાહિત્ય પ્રવૃત્તિથી આપ અજાણ નથી. નહીં નહીં તો પણ લગભગ આપણી સંસ્થાએ અત્યાર સુધીમાં ૨૫૦ જેટલા ગ્રંથો, પ્રતો, ચરિત્રો, ભાષાંતરો ને ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન કર્યું છે અને તેમાં પણ ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર, ઉપદેશપ્રાસાદ જેવા ગ્રંથોની પાંચ-સાત આવૃત્તિઓ કરવી પડી છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં કાગળના ભાવમાં તથા પ્રીન્ટીંગ વિગેરે ખર્ચમાં અસાધારણ વધારો થયેલ હોવાથી અગત્યનું કોઈ પ્રકાશન કરવામાં આવ્યું નથી પરન્તુ સમયાનુકૂળતાએ આ કાર્ય હાથ ધરવામાં આવશે અને યોગ્ય પ્રકાશનો શરૂ થશે.

સભાના પુસ્તકોનું વેચાણ પ્રમાણમાં ઠીકઠીક થાય છે. અત્યારે સભા હસ્તક આશરે અગિયાર હજારના પુસ્તકો છે.

સભા પોતાનો સંસ્કૃત વર્ગ વર્ષોથી ચલાવે છે તેમાં જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં લાભ લે છે. સંસ્કૃતનો વર્ગ આપણી સભા હસ્તક આશરે પચાસ વર્ષથી ચાલે છે. હાલમાં આ વર્ગ પં. શ્રી ગંભીરવિજયજી જૈન સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા સાથે ચાલે છે અને તેમના પંડિતનો પગારનો ખર્ચ રૂા. ૪૦૦) સભા ભોગવે છે.

સભાને પોતાની સુંદર લાઇબ્રેરી છે, મોંઘવારીના હિસાબે નવા પુસ્તકો વિશેષ પ્રમાણમાં લેવાતા નથી પરન્તુ ન્યુસપેપરો, માસિકો, અઠવાડિકો વિગેરેને અંગેનો ૬૦૦) રૂા. નો ખર્ચ સભાને કરવાનો રહે છે.

સભા અત્રેની શ્રી ઉજમબાઈ કન્યાશાળાને રૂા. ૧૨૫) શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાને રૂા. ૧૦૦) શ્રી વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળાને રૂા. ૨૦) વાર્ષિક ગ્રાંટના આપે છે તેમજ સાધુ-સાધ્વીજી મહારાજોને "પ્રકાશ" માસિક તેમજ પુસ્તકો ભેટ મોકલવામાં આવે છે.

કા. શુદિ છઠ્ઠ, જ્ઞાનપંચમી નિમિત્તે, પોસ શુદિ ૧૧ શ્રી કુંવરજીભાઇની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે, વૈશાખ શુદિ ૮ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની જયંતિ નિમિત્તે અને શ્રાવણ શુદિ ત્રીજના રોજ સભાની વર્ષગાંઠ નિમિત્તે સભા પૂજા ભણાવે છે. વળી સભા જીવદયા ખાતા ઉપર પણ દેખરેખ રાખે છે.

ગયા વર્ષમાં સભાની મેનેજીંગ કમિટીની ચૂંટણી મત-પત્રકથી કરવામાં આવી હતી અને હાલ તે કાર્યવાહી ચલાવી રહી છે.

સભાની આર્થિક સ્થિતિ સંબંધી જણાવવાનું એટલું કે-દરબાર બેંકમાં રૂા. ૨૮૦૦૦) લગભગની રોકાણ છે, જેની સામે જીવદયા ખાતું, પુસ્તક પ્રકાશન અંગે સંસ્થા તેમજ

ગૃહસ્થોની જમા રકમ, તથા પરચુરણ દેવું મળી આશરે ત્રેવીશ હજારનું દેવું છે. આ બધા વિગતવાર આંકડાઓ હિસાબ તૈયાર થયે આપ સમક્ષ રજૂ કરવામાં આવશે અને "પ્રકાશ" માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આપ સૌ જે સહકારી ભાવનાથી સાથ આપો છો તેવી રીતે અમારા કાર્યમાં ઉત્સાહ ને પ્રેરણા આપશો,

અમરચંદ કુંવરજી શાહ
દીપચંદ જીવણલાલ શાહ
ઓ. સેક્રેટરીઓ.

* * *

સેક્રેટરીના નિવેદન બાદ સભાના ઉત્કર્ષ માટે સામાન્ય વિચારણા ચાલી હતી. હાજર રહેલા સભાસદોએ ઉલટથી આ પ્રશ્નમાં રસ દાખવ્યો હતો. જે સમયે પ્રમુખ શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી, ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ તેમજ અન્ય સભાસદ બંધુઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યાં હતાં.

પ્રાંતે ટી-પાર્ટીને ઈન્સાફ આપી, આનંદજનક વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

# આઝાદ-દિનની ઉજવણી

તા. ૧૫ મી ઓગસ્ટના રોજ હિંદને સ્વતંત્રતા પ્રાપ્ત થતી હોવાથી તે પુણ્ય પ્રસંગે, સર્વ સંસ્થાઓની માફક આપણી સભાના મકાનને પણ ધ્વજા-પતાકાથી શણગારવામાં આવેલ. ઇલેકટ્રીક લાઈટની સારી રોશની કરવામાં આવી હતી તેમજ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવેલ.

આ હર્ષદાયક પ્રસંગે સભાના કલાર્કોને એક માસનો પગાર આઝાદ દિન-બોનસ તરીકે આપવામાં આવ્યો હતો.

## અપીલ

ગતાંકમાં જણાવ્યા બાદ આ માસમાં "**શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ**" માં નીચે મુજબ સહાયની રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. સભાની કાર્યવાહી સંબંધી સંક્ષિપ્ત હેવાલ આ વખતના માસિકમાં **સભા....સમાચાર**ના મથાળા નીચે આપવામાં આવ્યો છે, જે વાંચી આપ વાકેફ થશો. આપે જો હજુ સુધી આપનો ફાળો ન મોકલી આપ્યો હોય તો અવશ્ય મોકલી આપશો.

| | | |
|---|---|---|
| ૬૩૦॥ | અગાઉ સ્વીકારાએલ | |
| ૭) | શાહ હિંમતલાલ કેશવલાલ | અમદાવાદ |
| ૭) | પરીખ રતનચંદ કુબેરદાસ | કપડવંજ |
| ૫) | શાહ હીરાલાલ અમરચંદ | પુના |
| ૫) | શાહ મૂળચંદ રવચંદ | વાડે |
| ૫) | શાહ નાનુભાઈ નેણશીભાઈ | લખતર |
| ૫) | શાહ રાયચંદ જેઠાભાઈ હ. શેઠ મણિલાલ રાયચંદ | સમની |
| ૨) | શાહ ચીમનલાલ માનચંદ | ડભોઉ |
| ૬૬૬॥ | | |

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર (મૂળ)


પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, પચ્ચકખાણો, વિધિઓ, સ્તુતિ, ચૈત્યવંદનો વિગેરે ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ સાથે બહાર પડી છે. નકલ એકની કિંમત રૂા. ૧-૪-૦. સો નકલના રૂા. ૧૧૫.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી બંધુ શાહ માણેકચંદ જેઠાભાઈ પ્રથમ શ્રાવણ વદિ ૧૩ ને ગુરુવારના રોજ ૬૯ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર હતા. શ્રી દશા રાંધનપુરા નાતના સેક્રેટરી અને શ્રી સંઘની કમિટીના સભ્ય હતા. તેઓ આપણી સભાના ઘણા વર્ષથી વાર્ષિક મેમ્બર હતા. અમે સદ્ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

Reg. No. B. 156


# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

## પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

' ભરતેસરબાહુબલિ 'ની સજ્ઝાય તો રાઇ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૭૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ક્રેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩–૦–૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨–૮–૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઈ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

---

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ( ગદ્યબદ્ધ )

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી પંડિત રૂપવિજયજીએ સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ.


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.